સમાજ, સાહિત્ય અને સંસ્કારનું નૂતન માસિક

જૈન સંસ્કૃતિનું સંદેશવાહક

# કલ્યાણ



જંસેયં તં સમાયરે

સંપાદક **સોમચંદ ડી. શાહ**

વર્ષ ૧ લું : અંક ૫ મો ] [ અષાડ સં. ૨૦૦૨

વીર સં. ૨૪૭૨ અષાડ જુનું વર્ષ ૩ જું;
વી. સં. ૨૦૦૨ અંક ૫ મો. નવું વર્ષ ૧ લું.;

# વિષય દર્શન


| | | | |
|---|---|---|---|
| અપચાનાં ચેપી દરદો | .... | રાજહંસ | ૧૧૬ |
| મહાસાગરનાં મોતી | ... | પૂ. આ. વિજયલબ્ધિસૂરિજી મ. | ૧૧૭ |
| ધર્મની કટોકટી | ... | શ્રી પન્નાલાલ જ. મશાલીઆ | ૧૧૯ |
| કર્મના ખેલ | ... | શ્રી કીર્તિ | ૧૨૦ |
| આપરૂપ સુધારો | ... | શ્રી ઉજમશી જુઠાભાઇ | ૧૨૧ |
| ભૈરવી | ... | શ્રી મફતલાલ સંઘવી | ૧૨૨ |
| કસોટીનો કપરો કાળ | ... | પૂ.આ.વિજયભુવનતિલકસૂરિજીમ. | ૧૨૪ |
| જેનાથી સમાજની અવનતિ | ... | પૂ. પં. પ્રવિણવિજયજી મ. | ૧૨૭ |
| એ સુવાક્યો | ... | ,, | ૧૩૧ |
| એની કાંઈ સમજ પડતી નથી! | ... | શ્રી પ્રકર્ષ | ૧૩૨ |
| એ રાજકુમારો | ... | શ્રી સોમચંદ શાહ | ૧૩૪ |
| જંબૂકુમારની આઠ પત્નીઓ | ... | પૂ. આ. વિજયરામચંદ્રસૂરિજી મ. | ૧૩૭ |
| આયાના જીવનપર જીવનારાં | ... | શ્રી વિનોદી | ૧૪૦ |
| હળવી કલમે | ... | સંપાદક | ૧૪૨ |
| હાશ! દુઃખમાંથી છૂટયા | ... | શ્રી પ્રદીપ | ૧૪૪ |
| લોક કહેવતોમાં સુભાષિતો | ... | પૂ. મુનિરાજશ્રી મહિમાવિજયજી | ૧૪૮ |


**દ્રવ્યગુણપર્યાયનો રાસ**ની ચાલુ લેખમાળા આ વખતે અનિવાર્ય સંજોગોને લઇને રહી જવા પામી છે. અમે જાણીએ છીએ કે, વાંચકો તેમજ ગ્રાહકો વગેરે તરફથી આ લેખમાળાને સારૂં સન્માન મળ્યું છે પણ દીલગીર છીએ કે, આ વખતે સ્થાન નથી આપી શકયા. આગામી અંકથી નિયમીત ચાલુ રાખવા ઘટતું કરીશું.

**સંપાદક.**

જૈન સંસ્કૃતિનું સંદેશવાહક

# કલ્યાણ

॥शिवमस्तु सर्वजगतः॥

સંસ્કારવાંચ્છુ જૈન સમાજનું નૂતન માસિક

અષાડ : ૨૦૦૨

## "અપચાનાં ચેપી દરદો"

"રાજહંસ"

આહારનો વિકાર, એ અપચા તરીકે ઓળખાય છે. એ અપચન સાચે જ શારીરિક સ્વાસ્થ્યનું વિઘાતક બને છે. જેમ જેમ આહારનું સેવન વધુ પ્રમાણમાં થાય છે, તેમ તેમ તે અપચન વધુ ઉગ્રરૂપ પકડે છે. પણ કોઇક વેળાએ પ્રકૃતિદોષથી, તદ્દન વિપરીત પરિસ્થિતિ જન્મવા પામે છે. તેવા અવસરે લંઘન-નિરાહારિતા એ પણ વિકૃતરૂપ પકડે છે. અને એના યોગે અનેક નવાં દરદો ઉભાં થાય છે. એટલે એકંદરે એમ કહી શકાય કે- જેમ આહારનો અપચો શરીર-સ્વસ્થતાને નુકશાન પુગાડે છે, તેમ નિરાહારિતાનું અપચન પણ પ્રકૃતિદોષથી પ્રતિકૂળરૂપે પરિણમે છે.

આહારના અપચા કરતાં, જ્ઞાન અને અધિકારનો અપચો વધુ ગંભીર છે; એ અપચો માનસસ્વસ્થતાને માટે અતિ પ્રતિકૂળ છે; એ અપચનનું મૂળ નિદાન, જ્ઞાન અને અધિકારનો વિકૃત પરિણામ જ હોઈ શકે.

પણ અમૂક વેળાએ, જ્ઞાન કે અધિકારના અપચા કરતાં, અજ્ઞાન અને અનધિકારનો અપચન-વિકાર ઉગ્ર હોય છે. જે વિષયના જ્ઞાન કે અધિકારને મેળવવાને જેઓ લાયક બન્યા નથી તેમજ લાયકાત મેળવવા માટે જેઓ તૈયારી કરી શકયા નથી; તેવાઓ જ્યારે તે વિષયમાં માથું મારી, પ્રકૃતિદોષથી માનસસ્વસ્થતાને ગુમાવી, જે કાંઇ વિધાનો કરે છે, તે ખરે, અજ્ઞાન કે અનધિકારનો અપચો જ કહી શકાય.

વર્તમાનના સાહિત્યસર્જનમાં જે અનિચ્છનીય પરિસ્થિતિ અત્યારે ઉભી થઈ છે; તેનું મૂળ આ અપચાનું માનસિક દરદ છે, એમ સૌ કોઇ વિચારક પારખુને લાગ્યા વિના નહિ રહે.

આવા પ્રકારનાં અપચાજન્ય દરદો, એ સામાન્ય કોટિનાં નથી હોતાં. આવાં દરદોનો કીડો, એ આત્મામાં રહેલી ધર્મશ્રદ્ધા અને તત્ત્વજિજ્ઞાસાને કોરી નાખે છે. સામાન્ય રીતિયે આ દરદ ખૂબ ચેપી રહે છે; એનો ચેપ તીવ્ર-ઝેરીલો હોય છે. અન્ય શારીરિક દરદોની જેમ, આ દરદ જેઓનું માનસસ્વાસ્થ્ય સ્હેજ લથડયું હોય તેવાઓને તૂર્ત જ લાગુ પડે છે.

વર્તમાન સાહિત્યસર્જનમાં, જે અસંગત, અશાસ્ત્રીય અને પરસ્પર વિરોધી પ્રતિપાદનો રજુ થાય છે, તે આ અપચાજન્ય દરદનું અનિષ્ટ પરિણામ જ કહી શકાય.

એ ખરૂં છે કે- આવી કોટિનાં દરદો, જેમ વધુ વ્યાપકરૂપ પકડે છે, તેમ તે લગભગ અસાધ્ય કોટિમાં મૂકાઇ જાય છે; અને પરિણામે એનું ઝેર, સમાજની આંતરિક ધર્મવ્યવસ્થાના મૂળમાં ઉતરે છે, માટે જ એ અપચાજન્ય ઝેરીલાં દરદો જરૂર પ્રતિકાર્ય છે. વર્તમાન સમાજને એ દરદનો ભોગ થતો બચાવવો ખૂબ જ આવશ્યક છે.

પ્રતિકાર સંગીન જોઇએ. બહુશ્રુતતા અને સર્વતોમુખી શાસ્ત્રીય સંગતિ, એ આ ચેપી દરદનાં પ્રતિકાર માટેનાં મુખ્ય અંગો છે.

સમાધિ, સરળવૃત્તિ, સહૃદયતા, એ આત્મગત સહજ ગુણોનો વિઘાતક આ ચેપ વધુ વ્યાપકરૂપ પકડતો અટકે, એ સારૂ તાત્કાલિક પ્રતિકાર કરવો, એ સમાજના તબીબી નિષ્ણાતોનો કર્તવ્યધર્મ નથી

# મહાસાગરનાં મોતી

પૂ૦ આચાર્યદેવ શ્રી વિજયલબ્ધિસૂરીશ્વરજી મહારાજ

સુકૃતનાં કાર્યો શીઘ્રાતિશીઘ્ર આરંભો. એવું ન બને, કે મનોરથો અને તરંગોની હારમાલા અડધી ગુંથાયા પહેલાં જ, દમ નીકળી જાય, તે શું કામનું ?

હૃદય સરોવરને દયાના નીરથી દબાદબ ભરો! પરપીડાને પોતાની જ પીડા માની, તેને દૂર કરવા પ્રાણ પાથરો! વિશ્વકલ્યાણની ભાવના દયામાં જ છે.

"હું કેવો છું અને મહાપુરુષો કેવા હતા" એ જાણવું હોય તો તેઓશ્રીનાં પુણ્ય ચરિત્રરૂપી દર્પણો, સદૈવ, સન્મુખ રાખો ! પરસ્પરનો ભેદ ખુલ્લો થશે, પૂજ્યો કેમ પૂજાયા, અને અધમો કેમ તિરસ્કારાયાં, આવા પ્રશ્નોના પણ તેમાંથી ઉકેલ થશે.

મધુબિંદુ જેવા ક્ષણિક અને નશ્વર સંસારિક સુખોની લાલચ એ રાક્ષસીઓની ચુંગાલ છે. ત્યાગ માર્ગનો અભિલાષી વીર મહારથી જ આ માયાવિઓની માયાથી, અને એની ભયંકર યંત્રણાઓના કંટકમય પંજાથી બચે છે. જેઓના હૃદયમાં ત્યાગની ભાવના નથી, તેઓ પ્રયાસથી મૃત્યુ-મુખસમી એ રાક્ષસીઓની દોસ્તી યા સંગત કરે છે.

જેઓના જીવનમાં ધર્મ-સંસ્કારોની સુવાસ નથી, પવિત્રતાનાં પગરણો નથી, કારૂણિક ભાવ નથી, અને પારમાર્થીક વૃત્તિ નથી, તેઓનું જીવન ચીઠ્ઠીવિહોણા લિફાફા જેવું નકામું છે.

ધર્મ વિહુણું માનવપ્રાણી પ્રાણ રહિત મુડદા જેવું કેમ ન ગણાય ? ધર્મ વિહીનોએ વિચારવું, કે નાનાં બચ્ચાં ગંજીફાનાં સુંદર ઘરોને કાળજીપૂર્વક સર્જે છે, પરંતુ પવનનો એક સપાટો લાગતાં, જોત જોતામાં જ તે જમીનદોસ્ત થઈ જાય છે. આવી જ રીતે માનવીઓ માયા–મોહ–મમતાના અનેક મહેલો ચણે છે અને તેમાં મુગ્ધ બને છે. પણ આયુષ્ય ખતમ થયા પછી શું ? પુણ્ય અને પાપનાં પારસલો જ ( parcels ) સાથે રહેવાના. સદ્ભાવનાઓથી જીવનરૂપી મંદિરને શણગારો.

જુઠી આશાઓ અને દુરાચારોને છોડો, આ બન્ને ય પીશાચોને વશ કરનાર સાચો મંત્ર પ્રાપ્ત થતાં આશાઓનો વિજય થાય છે.

કોઈ એક વ્યક્તિમાં સડો જોતાં, સારા સમાજને નિંદનારો આંગળીના કોહવાટથી હાથને કાપવા જેવી કારમી મૂર્ખતા કરે છે, સંસારમાં સઘળાય ગુણી કે નિર્ગુણી નથી. એક વ્યાપારમાં તોટો પડતાં, અન્ય વ્યાપાર ખેડવાની હિંમત જતી નથી.

**ડીસ્મીસ થતાં પહેલાં** રાજીનામું આપનારો નોકર ડહાપણનો ઉપયોગ કરે છે. પોતાનો ગુન્હો છે એમ જાણ્યા પછી, ડીસ્મીશ થતાં સુધી નોકરીને વળગી રહે, તે પોતાની ઘણી કિમતી આબરૂને પોતાના હાથે જ દેશવટો આપે છે. તેમ વિષયોની પેઢીમાંથી, વૃદ્ધ થતાં જ્યારે કામકાજમાંથી બાતલ થાય અને અશક્ત બને, ત્યારે બહેતર છે, કે પહેલાં જ આપણે તે તરફનું રાજીનામું આપી દેવું. નહિં તો છોડીને કમનસીબીથી ખાલી હાથે રોતાં રોતાં ડીસ્મીશ ( dismiss ) થવું પડશે.

સૌભાગ્યવંતુ જીવન સૌ કોઈને પ્રિય હોય છે, એ સૌભાગ્યવંતા જીવનનું નિદાન સદાચારના સ્વર્ણ શણગારો છે. તે આચરવા સક્રિય પ્રયાસ કરનાર સૌભાગ્યવંતા જીવનનો પૂરો અનુભવ કરી શકે છે, સદાચારની શોભા અધ્યાત્મ-જ્ઞાનથી અને વિવેકથી વધે છે. મોક્ષનું સોપાન જેમ આત્મસંયમ છે, તેમ આત્મસંયમનું સોપાન અધ્યાત્મજ્ઞાનની સુવાસ છે.

દીસીમાન અને યશસ્વી જીવન બનાવવા આત્મારામની પેઢી તપાસો, મનાજી મુનિમ ઠગ બન્યા છે, ઇંદ્રિયો આદિ પાંચ નાના મુનિમો પ્રપંચી અને લાંચીયા બન્યા છે, અને વળી તે મનાજીના કાબુમાં છે. તમારી પેઢીને તમો નહિં તપાસો, તો દરોડો પડવાની તૈયારી છે. તમો મોહ મદિરાના નશામાં સઘળુંય ગુમાવશો; હજી બાજી હાથમાં છે. ઘણાં કાલથી લુંટાયા છો. રહ્યું સહ્યું સાચવશો તોય સારી મીલ્કત બચશે.

સર્વે ધર્મો આ માને છે, કે 'પાપનું ફળ દુઃખ, અને ધર્મનું ફળ સુખ, છે માટે પાપ ન કરો, અને સારાં પરોપકારનાં કામ કરો.

પરમ કારૂણિક નિઃસ્વાર્થ–જીવી તપોમૂર્તિ મહાત્માઓને મળો ! પ્રત્યેક પ્રશસ્ત પ્રવૃત્તિઓને ઓળખો ! દીનતા અને દરિદ્રતા, તથા અબુઝતા અને અસભ્યતા જળપ્રવાહમાંના તણખલાની જેમ સવેગ વહી જશે.

સામાન્ય વેલને પણ ચઢવા કોઇ આશ્રયની જરૂર રહે છે, તો પછી આ આત્માને પૂર્ણ વિકાસ અને પ્રકાશમય અવસ્થા પામવા અવલંબનની આવશ્યકતા હોય જ.

'હું રોગી છું' એવું ભાન થતાં વૈદ્યની શોધ કરે છે અને તેની આપેલી ઔષધી નિરંતર સપ્રેમ પથ્યની સાથે લ્યે છે, તેમ સંસારી આત્માઓએ પણ પોતાના આધિ, વ્યાધિ અને ઉપાધિવાળા રોગોને જાણવા જોઇએ; એ જાણ્યા પછી આતુરતાથી એ રોગોને દૂર કરવા ધન્વંતરી ગુરૂઓને શોધી તેઓ પાસે ચિકિત્સા કરાવી જે યોગ્ય ઔષધ આપે તે સ્વીકારવું જોઇએ.

સુખનું દ્વાર વિવેક છે. વિવેક ન હોય, અને ભલે સમૃદ્ધિશાળી હોય કે મહાન ચમત્કારી જ્ઞાનધર હોય તોય તે જીવનનો દુઃખમય જ વ્યય કરે છે.

વિશ્વ આખુંય અમૃતનું જ પિપાસુ છે, ઝેર કોઇને ય પ્રિય નથી, પણ અમૃત અને ઝેરની ઓળખ એટલી કઠીન નથી, કે જેટલું ઝેરને ઝેર સમજ્યા પછી પણ તેને છોડવું કઠીન છે.

અખીલ સંસાર તો અસાર છે, તેમાંથી સાર શોધવો કે ખેંચવો એ નરી મૂર્ખતા નથી? સાંસારિકવાસનાઓમાં સારકલ્પવાવાળાઓ રેતીને પીલીને તેલ મેળવવાની કલ્પના કરે છે.

અનાદિ કાળથી સાથમાં લાગેલા કે પાછળ પડેલા સાચા ધાડપાડુઓ પંચેદ્રિયજન્ય વિષયો જ છે અને તે વિષયો સાચે પાંચમી કતારનું કામ કરે છે.

આત્મ ખજાનો ખાલી થતાં આત્મિક આનંદરૂપ આઝાદીની બરબાદી થાય છે, પરવશ આત્મા દિશાને ભૂલે છે અને તેથી તે અકૃત્યોનો આશ્રય લઇ દુર્ગતિનાં દુઃખો સહે છે.

# ધર્મની કટોકટી

શ્રી પન્નાલાલ જ. મસાલીઆ. રાધનપુર.

હે, ક્રુરકાળ ! વિશ્વવર્તિ આર્હત્ દર્શનની આ દશા કરતાં તને જરાએ કંપ થયો નહીં ? પ્રભુશાસનને ત્હારા કરાળ કોપનો ભોગ બનાવતાં તને જરાએ સંકોચ લાગ્યો નહીં? શાસનની તેજસ્વી પારદર્શકતા ઉપર કાજળ ફેરવતાં કે વિશ્વદર્શનની અપ્રતિમ મહત્તાને તિરસ્કારતાં ત્હારા કાળમીંઢ હૃદય ઉપર સહસ્ર-વજ્ર પણ તૂટી પડ્યાં નહીં ?

એક સમયે સમસ્ત ભારતદેશ જૈનધર્મની શિળી છાયા નીચે સુરક્ષિત હતો, યવન દેશોમાંય ઠેઠ કાસ્પિયન સમુદ્રની પેલીપાર સુધી જૈન દર્શનનો સામ્રાજ્ય ડંકો વાગતો, એની કનક જ્યોતિનાં તેજ દૂર ઘૂઘવતા મહાસાગરોનેય પ્રકાશિત રાખતાં, એની રણહાક અરિદળનાં કાળજાં ચીરી નાંખતી. ત્યારે મૌર્યવંશના ચંદ્રસ્વરૂપ સમ્રાટ સંપ્રતિના રાજ્યકાળમાં એની જનસંખ્યા અર્ધ અબજથીયે વિશેષ હતી.

એ સમયે જૈનોનાં દિલમાં ડર ન હતી, એની અતુલશક્તિથી સલ્તનતો ધ્રુજતી, એના અવાજથી રણભૂમિઓ કંપતી; પરંતુ ખેદની વાત છે કે, આજે એ પોતે જ કંપેલ છે, ધ્રુજે છે, એનું અપાર તેજસ્વી વદન રૂક્ષ, વિષાદાચ્છિત અને શૈલખંડની જેમ નિશ્ચલ બન્યું છે, અલ્પતા અને અધમતાની જળ-ભમરીઓમાં એ પોતે જ અટવાઇ ગયો છે !

ક્યાં ગઇ એ આપણી પૌરુષની તરતી છટા ? વિદ્યુત્ ચમકતાં નયનો, સુદૃઢ, મનોરમ્ય દેહલત્તા, અનુપમ ક્રાંતિ, કીર્તિ અને દુશ્મનોનેય મુગ્ધ કરતી પ્રખર તેજસ્વી બુદ્ધિ !

શી દુર્દશા ! આજે તો આપણા હૃદયમાં બુદ્ધિદ્વેષની જ મહેફીલો જામી છે, કેવળ કુસંપનીજ મહાભિષણ ભુતાવળો ખડી થઈ છે. ક્ષુલ્લકતામાં રાચી, પ્રમાણિક મતભેદોને પણ ઉગ્ર રૂપ આપી આપણે કેવળ ધર્મની જ અપભ્રાજના આદરી છે. જ્યારે શાસનની સોનેરી યશઃકીર્તિ ઉપર ભયંકર કાતિલ પ્રહારો થઈ રહ્યા હોય, અશ્લીલ, અસભ્ય, નિર્લજ્જ અને બેશરમ હુમલાઓ આવી રહ્યા હોય, ધર્મના પરમર્ષિ મહાત્માઓને બદનામ કરવા ઝેરી કટાક્ષો ચાલી રહ્યા હોય, અને ક્યારેક ખુદ શ્રી તીર્થંકરદેવ ઉપર પણ કલ્પિત, અણઘટિત અને હિચકારાં દોષારોપણ થઈ રહ્યાં હોય ત્યારે આપણાથી નિશ્ચિંત, સુસુપ્ત કે પ્રમાદના નશામાં પડી રહેવાય ?

જ્યારે દુનિઆ જડવાદના પ્રેતની પાછળ પાગલ બની નાચી રહી છે, વિજ્ઞાનને નામે વિનાશનાં ખૂની સાહિત્યો સર્જી અજ્ઞાનની ઉંડી ગર્તામાં જઈ રહી છે, અહિંસાનાં સુંદર રસ દર્શન તજી હિંસાનાં કટુ આસ્વાદ પામી આત્મઘાતને નોતરી રહી છે, ત્યારે આપણે ખુબજ જાગ્રત રહેવું જોઇશે. પરમર્ષિઓની આ આત્મચિંતન ભૂમિમાં આત્મદર્શનથી વંચિત રહેવાશે નહીં કે પાશ્ચિમાત્યોનાં આંધળા અનુકરણ પાછળ ઘેલા બની આર્યાવર્તની પ્રાચીન સંસ્કૃતિને છેહ દેવાશે નહી.

ભગવાન મહાવીરના સંતાન ! ઉઠ, જાગ્રત થા ! પ્રમાદની પોલાદી લોહશૃંખલા તોડી, કુસંપે પાથરેલી માયાવી જાળ ભેદી નાંખ, ક્ષત્રિયપુત્રોને વળી આ કાયરતા શી ? બાહ્યવિલાસમાંયે મુંઝાય છે કેમ ? જે વિજેતા છે એના દિલમાં આ ડર શી ? આ નિર્બળતા અને નિર્માલ્યતા, આ શુષ્કતા અને શિથિલતા ક્યાંથી ? સહધર્મીબાંધવ ! ઉઠ, કુસંપની ઝેર–કટોરી ફગાવી, વૈરનાં પ્રજ્વલિત હુતાશનને

બુઝાવી, ભ્રાતૃભાવની જયઘોષણા ગજાવી લે, ઐક્યનાં અમૃત ગટગટાવી લે.

શાસનના કર્ણધારો જાગો, પૂર્વે આપે તો શાસનને માટે મહા મોંઘેરાં બલિદાનો અર્પણ કર્યાં છે, પ્રાણની જાજ્વલ્યમાન આહુતિઓ આપી છે, ત્યારે આજે આ વિવશતા અને અસ્વસ્થતા શી ? દેવ, આપ તો શાસનના પ્રભાવ અને ગૌરવશીલ મહાસુભટો છો. આપની નિર્ભયતા અને ભવ્યતા, શ્રમણ સંસ્કારની સમૃદ્ધતા અને આત્મસમર્પણની શ્રેષ્ટતા જગતમાં અજોડ છે. ત્યારે આપ સમા ધર્મહિતચિંતકો હોવા છતાં શાસન આમ અરક્ષિત અને સિદ્દાતું કેમ ? ધર્મની કટોકટીના સમયે આ કલહ અને પરસ્પરનાં વાગ્યુદ્ધો કેવાં ?

હવે કુસંપના કાલિયનાગને અવશ્ય નાથવો પડશે, વેવલાવેડા અને દિલચોરીને દૂર કરવી પડશે. નિઃસત્વતા અને નિર્માલ્યતાને હાંકી કાઢવી જોઇશે. જૈનબંધુ ! સમાજની અવિભાજ્યતા સાચવવા જીવનનાં સાચાં તર્પણની ખૂબ જ આવશ્યકતા રહેશે.

શાસનદેવી આંસુભીની આંખે સાચા જૈનો શોધી રહી છે.

# કર્મના ખેલ

[ રાગ-ગઝલ ]

કરમ ત્હારી ગતિ ન્યારી, બધાને તું નચાવે છે;
ઘડીમાં તું હસાવે છે, ઘડીમાં તું રડાવે છે.

ન છુટયા કર્મ પંજાથી, ભલા રાજા મહારાજા;
બળી આગે થયા ખાક, કેઈ સાજા અને તાજા.

નચાવે નાચ દુનિયાના, ચોરાશી લાખના ચૌટે;
નરક નિગોદનાં દુઃખો, પલકમાં તે અપાવે છે.

કરમની છે અજબ લીલા, બધાયે જ્યાં બન્યા ઢીલા;
ખરેખર હીંચકો એ છે, નીચે ઉંચે ચઢાવે છે.

બનાવે સ્ત્રી કદી પુરૂષ, કદી નાનો કદી મોટો;
બહુરૂપી સ્વરૂપી એ, ગરવ સૌનો ગળાવે છે.

આશાનાં વાદળા ઘેરે, નિરાશાયે ઘડી ફેરે;
ક્રીડા આનંદ કરતાને, ઘડીમાં આંસુડા વેરે.

શ્રીમંતોને ધીમંતો ના, મૂકાવે માન ને પાન;
ભૂલાવી શાન ને ભાન, બનાવે મૂઢ અજ્ઞાન.

કર્યા કેઈ રંકના રંકો, બજાવી કર્મનો ડંકો;
ફરી ખેદાન ને મેદાન, સૌને એ મુંઝાવે છે.

કરમના રંગના રેલો, પળે પળના જુદા ખેલો;
સ્વજન પંખી તણો મેળો, બને શાને મૂરખ ઘેલો.

ઘડી ગજ પર ચઢાવે છે, ઘડી ચામર વીંજાવે છે;
ફરી બેહાલ ને કંગાલ, ઘડી ઇજ્જત લુંટાવે છે.

કરમ મોજાં ફરી વળતાં, બધુંયે માટીમાં મળશે;
સ્વજન સ્નેહી અને પ્રિયતમ,
બધાંયે અગ્નિમાં બળશે.

ધરમની જ્યોત જ્યાં જાગે,
કરમની અંધેર ત્યાં ભાગે;
કરમ સત્તાની બેડીને, ધરમ સત્તા છોડાવે છે.

કરમની જડને કાપી, **આતમલબ્ધિ**ને પ્રગટાવો;
કહે **લક્ષ્મણ** શિશુ **કીર્તિ**, અનંતા સુખને પાવો.

શ્રી કીર્તિ.

# શ્રાપરૂપ સુધારો

શ્રી ઉજમસી જુઠ્ઠાલાલ શાહ

નૈતિક પતનના ભોગે પ્રગતિ સાધવા ભ્રમણામાં પડવું અને સ્વચ્છંદી બની હક કે ન્યાય હાંસલ કરવા મથવું એ તો વાસ્તવિક ઉલટું જીવન હારી જવા જેવું છે. જાગતા છતાં પતનનો સદા જ્યાં ભય છે તેવા માર્ગે વિહરવું એતો દીવો લઇ કુવે પડવા જેવું છે.

આજકાલ આત્મઘાતક સુધારાઓ ભણી જનતાની રૂચી વધતી જાય છે, કારણકે ઉન્માદ અને મસ્તીને તે અનુકૂળ હોય છે. જો કે વાસ્તવિક તે અનુકૂળતા, પ્રતિકૂળતા જન્માવી દુઃખ આપનારી છે, પરંતુ ચડેલી અનુકરણની આંધીએ જગ આંધળું કર્યું છે.

સુધારાના નામ પાછળ જામી પડેલા દુરાચારે હવે તો માઝા મૂકી, આર્યસંસ્કૃતિ ભૂંસી નાખી અને પરસ્ત્રી પુરુષ જોડેની વિજાતિય મૈત્રિનીયે હિમાયત થવા લાગી.

સ્વાતંત્ર્ય, સ્વમાન, સમાનહક વિકાસાદિ પ્રેરક શબ્દોનો અસ્થાને ભભકભર્યો પ્રયોગ કરી આધુનિક સુધારકો સમાજને વિનાશ ભણી દોરી રહ્યા છે.

દિનપ્રતિદિન વધતા જતા વિવેક બુદ્ધિના અભાવને કારણે યુગ યુગથી એ પુરાણી વળી પવિત્ર એવી સ્રી–પુરુષ વચ્ચેની ચણાયેલી વિવેકભરી મર્યાદાની દિવાલો આધુનિક સુધારકોને ઉલટી તેમના વિકાસની આડે ઉભી જણાઇ; તેથી એ મર્યાદાની દિવાલો મૂળમાંથી ઉડાવી દીધી. અને પરસ્ત્રી પુરુષ જોડે, પુરુષ કે સ્રીને મૈત્રિ રચવાનો હક દાવો આગળ ધરી કોઈપણ પ્રકારના સંકોચ વિના દીલ ચાહે તેની જોડે છૂટથી હરવાફરવાનો અને માલવાનો એ સુધારકોએ અમલ કર્યો વળી સમાજ–સુધારકનું રૂડું બિરૂદ ધરાવી જનતાને પ્રેરણા આપી, પરંતુ એ સુધારકો સમજતા નથી કે, નૈતિક ટેકા વિનાનું સ્વાતંત્ર્ય કે સ્વમાન પણ પ્રાણ વિનાના ખોળીયા જેવું છે.

નિર્દોષતાના બાના હેઠળ તે સુધારકો એ મૈત્રી નિભાવી, ભલે બીજાને ભૂલવે, પરંતુ અંતે પોતે જ ભૂલશે.

જ્યાં ચારિત્રનાં મૂલ્ય અંકાતાં ન હોય ત્યાં ઉપરોક્ત શબ્દો ભલે નિરૂપયોગી નિવડે, પરંતુ જે એમ સમજતા હોય કે, ચારિત્રની ઉત્કૃષ્ટતા એ જ જીવનસિદ્ધિ છે તેને માટે લાભદાયી છે.

યાદ રાખવું જોઇએ કે, મૈત્રી અને પરિચય ઉભય વચ્ચે ઘણું લાંબુ અંતર છે. જાહેર પ્રવૃતિઓ માટે સમૂહગણમાં વિવેકબુદ્ધિથી વિજાતિય પરિચય યોજાય તેમાં નિંદાને અવકાશ નથી. જાહેરકથાઓ અને વ્યાખ્યાનઆદિમાં વિવેકપૂર્વક વિજાતિય ભેદ જાળવી રચાતી પ્રવૃત્તિઓ પ્રાચીનયુગથી તે હજુ આજસુધી ચાલુ છે.

સમાજમાં વધી પડેલી છૂટને કારણે ઝડપભેર અસ્તિત્વમાં આવતી એ મૈત્રી સમાજને શ્રાપરૂપ છે તો સૌ કોઇએ તેનાથી બચવું એ હિતાવહ છે.

પોતાનું ફરજન ઉંધે માર્ગે વળે તેનો મુખ્ય દોષ માબાપને ફાળે જાય છે. તો વડિલોની ફરજ છે કે, પોતે પોતાનું જીવન વિશુદ્ધ બનાવવું અને પોતાની પ્રજાના નિત્ય જીવનપર ધ્યાન કરવું.

અંતમાં સુધારાના નામથી નભતા એ કુધારાઓથી દૂર રહેવું, સારાસાર સમજતા શીખવું.

જે સુધારો ગુણોની અવગણના કરે, ફરજ ભૂલવે તે સુધારો કેમ મનાય? તે તો માત્ર સ્વચ્છંદ; તે પ્રગતિ નહિ પણ પતન. જ્યાં સદ્‌ગુણ ઉગતો નથી ત્યાં વાસ્તવિક સુધારો સંભવતો જ નથી. સદ્‌ગુણ કેળવાય તો જ વિકાસ મનાય, સુધારો પ્રગતિ માટે હોય, પતન માટે નહિ.

# ભૈરવી

શ્રી મફતલાલ સંઘવી.

જલસામાં રંગ જામ્યો હતો. પ્રફુલ્લ પુષ્પોની મ્હેક વચ્ચે લાલાજીના ગાનની પ્રભા ઓર માધુર્ય ફેરવતી હતી. ગાનના અખંડ પ્રવાહમાં લીન શ્રોતાઓ તાળીઓ બજાવતા હતા.

એવામાં ઘડિયાળમાં એકનો ટકોરો પડ્યો. લાલાજીની ઠુમરી બંધ થઈ. સંગીતને વશ શ્રોતાઓ પુનઃ સચેત બન્યા.

"બોલો ! અબ ક્યા સુનાઉં ?" પ્રેમના સાગર જેવા લાલાજીના અંતરમાંથી શબ્દો ઊઠ્યા.

"ભૈરવી ચલાવો." એક ભાઈએ ઉત્તર આપ્યો.

"ભૈરવી !" લાલાજીએ વિસ્મિત થઈ પૂછ્યું અને તેની સમજાવટ કરતાં જણાવ્યું કે, "ભાઈ, ભૈરવી સુનાને કી અભી ડેર હૈ."

"ભૈરવી" એટલે શું તે નહિ સમજનારા શ્રોતાજનોમાંથી એકબીજા ભાઈએ હઠ પકડીને કહ્યું કે, "લાલાજી, બસ અબ તો ભૈરવી હી સુનાઓ, ઔર સબ કુછ પીછે સુનેંગે."

"મગર અબ ઇસ વખ્ત પર મૈં "ભૈરવી" કીસ તરફ સે ગા શકું ? "ભૈરવી" ગાને કા ટેમ વિના મૈં નહિ ગા શકતા હૂં !" સબ હકીકત રજૂ કરતાં લાલાજીએ "ભૈરવી" નો મર્મ છેડ્યો.

"અભી ગાનેમેં આપ કો ક્યા હર્જા હૈ ?" અજ્ઞ શ્રોતાઓની વચ્ચે બેઠેલા સંગીતજ્ઞ લાલાજીને એક ત્રીજા ભાઈએ પ્રશ્ન કર્યો.

"ભાઈ ભૈરવી કે સારે સૂર નાજૂક હોતે હૈ, ઔર વો સુબહ હોને કે દો ઘંટે પહિલે ગાનેમેં આતી હૈ, કિ જિસ વખ્ત સારી દુનિયા એક મીઠી નિંદમેં લપટી હૂઈ હો. અભી મૈં "ભૈરવી" કો બુલાને કી કોશીષ કરૂં તો ભી વો મેરી પાસ આવેગી નહિ. "ભૈરવી ક્યારે ગવાય અને તે શા માટે તે સમજાવતા લાલાજીએ શ્રોતાઓને તેમની પ્રતિભાવડે મુગ્ધ કરી નાખ્યા.

છતાં જલસામાં આવેલા ગામના મુન્સફ સાહેબે પોતાનું જજમેન્ટ આપતાં જણાવ્યું કે, "લાલાજી, સમજલોને અભી ચાર બજગયે હૈ. ઔર તુમ "ભૈરવી" શરૂ કર દો. ફીર રાત બીત જાયગી, ઔર કલ સૂબો ઓફીસ કે મેરે ટૈમમેં અદલ હોગી" કોર્ટમાં જજમેન્ટ આપવા ન બેઠા હોય તેમ મુક્ત કલાસ્વામી લાલાજીને સમજાવતા મુન્સફ બોલ્યા. અને મુન્સફના શબ્દોની કિંમત આંકી લાલાજીએ વિના ટાઈમે "ભૈરવી" શરૂ કરી.

લાલાજીએ ભૈરવી ઉપાડી; પણ પ્રતિકૂળ વાતાવરણના યોગવડે હવા તે ઝીલવા ન લાગી અને તેની પ્રત્યાઘાતી અસર શ્રોતાઓને થવાને બદલે લાલાજીના હૃદય પર પાછી પડીને અથડાવા લાગી. અને તેમનો ગતિમાન કંઠ બંધ થઇ ગયો.

"ક્યોં લાલાજી ચૂપ હો ગયે ? મુન્સફ સાહેબે પ્રશ્ન કર્યો.

"મૈં લાચાર હૂં સાહબ, અભી મેરે સે "ભૈરવી" નહિ ચલેગી. યે વખ્ત ભૈરવી કા હૈ નહિ, ઔર મૈં "ભૈરવી" કીસ તરફ સે ગા શકું. આપ થોડી દેર બૈઠો ઔર ટૈમ હોને પર "ભૈરવી" કે રાગ–રાગિણી અપને–આપ મેરી ભક્તિ કે વશ હો કર મેરી પાસ આ જાયગી. વિના ટૈમ અપને સંગીત કો છેડના સચ્ચે સંગીતકારકા ધર્મ નહિ હૈ. "લાલાજીએ

સત્ય હકીકત જાહેર કરી અને શ્રોતાઓ ઠરી ગયા. મુન્સફ પણ વિચારમાં પડ્યા.

છેવટે તેમણે લાલાજીને "ભૈરવી" માટે આગ્રહભરી એક દલીલ કરી.

"અગર મુન્સફ સાહબ મૈં રાગ–રાગિણી કા સચ્ચા આરાધક ન હોતા તો ટૈમ બેટૈમ સબ કુછ સૂના દેતા. યે સંગીત મેરે આધીન નહિ હૈ, મગર મેરી ભક્તિ કે આધીન હૈ, ઔર ભૈરવી કી મેરી ભક્તિ કા અબ તક ટૈમ નહિ હુઆ હૈ. સાહબ! વિના સમય કા સબ કુછ અપ્રિય હી હોતા હૈ. મૈં સંગીત કા સચ્ચા આરાધક હું, ઇસિ જમાને કે પામર મનુષ્યો કી તરહ મૈં લક્ષ્મી કા સેવક બન કર, મેરે સંગીતકા અપમાન કરના નહિ ચાહતા હૂં. મુન્સફના આગ્રહને ગળી જતા લાલાજીએ સત્ય શબ્દોમાં સત્ય હતું તે વર્ણવી દીધું.

લાલાજીની "ભૈરવી" ગાવા માટેની આનાકાની જોઈને એક ભાઈએ પૂછ્યું, "લાલાજી આ ભૈરવી શું છે, તે તો જરા સમજાવો.

"હાં, વો મૈં ખુશીસે સમઝાઉંગા. સૂનો "ભૈરવી" એક તરહકા રાગ હૈ. જિસ તરહ માલકોશ, માઢ, કાલિંગડા આદિ હૈ. ઔર યે રાગકા સંગીત તબ ગાયા જા શકતા હૈ, જબ "ભૈરવ" કો ઉઠનેકા સમય હોતા હૈ ઔર યે ભૈરવકો પિશાચયોનિકા પ્રાણી માના જાતા હૈ." "ભૈરવી" શબ્દની સ્પષ્ટતા કરતાં લાલાજી ભૈરવી સાંભળવાની ઇચ્છાવાળા તેને નહિ સમજનારા શ્રોતાઓને જોઈને મૂછમાં હસવા લાગ્યા. તેમની મૂછો મોટી તો હતી જ.

છેવટે લાલાજીએ "ભૈરવી" ન ગાયો તે ન જ ગાયો. ખરે, આજના પરાધીન યુગમાં કલાના સાચા ઉપાસકો હજી જીવે છે, તેટલાં આ ભારતનાં અને તેને આશ્રયે જીવન વીતાવતી અન્ય પ્રજાઓનાં સદ્ભાગ્ય ગણાય. કુદરતના સાચા કુલદીપકો, કુદરતની આમન્યાને લોપતા પહેલાં પોતાના પ્રાણભાગને આવકારી લે છે, પણ કુદરતી નિયમનો લોપ નથી જ કરતા. ઋતુ પ્રમાણે ફળ ધારણ કરતાં વૃક્ષોની પેઠે રાગ–રાગિણીનો જન્મ પણ અનુકૂળ હવા અને સંયોગોમાં જ થાય છે! પક્વ સમયે સ્વરૂપ ધારણ કરતાં ફળોની મીઠાસ, અર્ધ-પક્વ દશામાં અકુદરતી રીતે જન્મ પામતાં ફળોમાંથી ન જ મેળવી શકાય.

સેંકડો શ્રીમંતોની મધ્યે આસન ઉપર બેઠેલા મુક્ત કલાસ્વામી લાલાજીની કલાનો આખરે વિજય થયો. અને ભૈરવીની ઇચ્છાવાળા ધનપતિઓ ઝોકાં ખાતા ઘર તરફ પાછા વળ્યા.

## ગાથાઓ;

સં. પૂ. મુનિરાજશ્રી મહીમાવિજયજી મ.

નિશ્ચય દૃષ્ટિ હૃદયે ધરીજી, પાળે જે વ્યવહાર;
પુણ્યવંત તે પામશેજી, ભવ સમુદ્રનો પાર.
હેમ પરીક્ષા જેમ હુએજી,
સહન હુતાસન તાપ;
જ્ઞાનદશા તેમ પરખીએજી,
જ્યાં બહુ કીરીયા વ્યાપ

જાતિ અંધનો રે દોષ ન આ કરો,
જે નવિ દેખે રે અર્થ;
મિથ્યા દૃષ્ટિ રે તેહથી આ કરો,
માને અર્થ અનર્થ.
નિશ્ચય નય અવલંબતાજી, નવિ જાણે તસ મર્મ;
છોડે જે વ્યવહારને જી, લોપે તે જિન ધર્મ.

# કસોટીનો કપરો કાળ

## પૂ૦ આચાર્ય શ્રી વિજયભુવનતિલકસુરીશ્વરજી

સમ્યગ્ જ્ઞાન, દર્શન અને ચારિત્રરૂપ મહામૂલાં રત્નોને પ્રાપ્ત કરનાર મહામુનિવરોજ મોક્ષમાર્ગના ગામી કહેવાય છે. મોક્ષ–માર્ગસ્થો મહા મુનિયોએ સંયમપદની ભૂમિકારૂપ સહિષ્ણુતા અને ઉપસર્ગને વધાવી લેવાની પુરો–મુખી તૈયારી ઘડી લેવી જ જોઇએ. જેટલી અચલતા તેટલી અમલતા; જેટલી પ્રેરણા તેટલી જ તીવ્રભાવના. મહા મુનિયોના હૃદમ-મંદિરમાં સદૈવ વસે છે અને સહજ સ્વભાવે મહા મુનિયોની દઢતા અનેકાત્માઓને સમ્યક્ત્વ પ્રાપ્તિનું સબળ કારણ બને છે; એને પુરવાર કરતું આ અવ-સર્પિણી કાળના બારમા તીર્થંકર દેવના વર્તમાન કાળમાં બનેલું અજબ અને અસરકારક અજોડ દૃષ્ટાંત ધડો લેવા જેવું હોઇ શબ્દ દેહમાં ગોઠવાય છે.

ભરતખંડમાં વસંતપુર નામના નગરની બહાર અનેક સુશોભિત ઘટાટોપ વૃક્ષોથી ઉપરાજીત એક વિશાળ વન હતું. જે વનની અંદર વૃક્ષોની અન્યોન્ય બનેલી ગુફા હતી અને ગુફાઓમાં સૂર્યનાં કિરણો પણ નહિ જેવાં પથરાતાં. નિર્જનતા અને પ્રશાન્ત વાતા-વરણથી પવિત્ર બનેલા એ વનમાં લોક-પ્રસિદ્ધ અને વૃદ્ધ જમદગ્નિ નામનો શિવોપાસક તાપસ ઘોર તપ્રશ્ચર્યા કરતો હતો. તપને તપતાં ઘણાં વર્ષો વીતી ગયાં. બાહ્ય ભાવથી અટલ–વૃત્તિથી તપને તપતાં લોકમાં તેની પ્રસિદ્ધિ અને કીર્તિ ગૂંજતી હતી.

દેવલોકમાં આ સમયે એક વિશ્વાનર અને બીજો ધન્વંતરી દેવ પરસ્પર અત્યંત મિત્ર ભાવને ધરતા ધર્મવાદના ઉંડાણમાં ઉતરી પડયા. વિશ્વાનર જૈન ધર્મનો અનન્ય ઉપાસક હતો. જ્યારે ધન્વંતરી શિવો-પાસક મિથ્યાધર્મનો પરમ અનુરાગી હતો. વિશ્વાનરે જણાવ્યું કે, "સંસારમાં જૈનદર્શન જેવું બીજું દર્શન નથી અને તેના ઉપાસક શ્રમણો સમાન ધર્મ ભાવનાવાળા અન્ય ધર્મી ઉપાસકો નથી. શિવધર્મના ઉપાસકો ઉપલકીયા ત્યાગ, સંયમ અને તપને ધારણ કરનારાઓ છે. કસોટી કાળમાં ગબડી પડે; જ્યારે જૈનશ્રમણો પ્રાણલેણ પળોમાં પણ સ્વધર્મથી પત-નતાને ન જ પામે એમ મને અતૂટ વિશ્વાસ છે. "

આ સાંભળી ધન્વંતરી બોલ્યો કે,

"નહિ, નહિ! શિવતાપસો જ પરમ સહિષ્ણુ હોય છે. કટોકટીના કાળમાં પણ દઢ ધર્મીઓ છે." છેવટે દેવોએ નિર્ણય કર્યો કે, ચાલો ત્યારે ઉભયોની પરીક્ષા કરીએ. સુવર્ણ પરીક્ષા થતાં વિશેષ કિંમતી અને આદરણીય કોણ છે તે જણાશે.

બન્નેય સંપ કરીને પ્રથમ જૈનશ્રમણની પરીક્ષા કરવા પ્રેરાયા. તેમાંય જૈનોપાસક વિશ્વાનરે જણાવ્યું કે, "નૂતન દીક્ષિત જૈન નિગ્રંથ હોય તેની પરીક્ષા કરીયે, કારણકે, જુના મુનિઓ સંસ્કારથી પોષાયેલા હોય એટલે દઢ રહી જ શકે."

અહો! આ જૈનોપાસક દેવને સ્વધર્મના મુનિયો પર કેટલો દઢ વિશ્વાસ હશે? સાચે જ જૈનમુનિ-યોએ પણ અનેક પ્રસંગોમાં અસહ્ય કષ્ટ પહાડોને કાંકરા માનીને વધાવી લીધેલા હતા. મુંગા ભાવે, આવેલ ઉપસર્ગોને મહોત્સવની જેમ હર્ષથી ભેટવા તૈયારી બતાવતા; એટલું જ નહિ પણ ઉપસર્ગોનો સામનો કરવા પણ સ્વેચ્છાથી તેવા પ્રદેશોમાં અને સંયોગોમાં પ્રવેશતા. સંકેત પ્રમાણે નૂતન દીક્ષિત જૈન મુનિની પરીક્ષા માટે આવી પહોંચ્યા.

મીથીલા નગરી જેઓની રાજધાની હતી, જેઓનું વિશાળ રાજ્ય, અખૂટ સમૃદ્ધિ, વિપુલ વિલાસો અને દિન દિનના નવાં ભોગ–સાધનો ભલભલાના દિલને ડોલાવનારાં હતાં. એવા તરૂણ અવસ્થાને પામેલા રાજા પદ્મરથે હૃદયથી વીતરાગતાને પામી રાજ્યઋદ્ધિનો ત્યાગ કર્યો અને શ્રી વાસુપૂજ્ય ભગવાનના પુનિત હસ્તે જૈન–નિગ્રંથપણું સ્વીકાર્યું હતું. તાજાજ દીક્ષિત પણ હૃદયમાં તીવ્ર વૈરાગ્ય ભર્યો હતો. બન્ને દેવો આ મુનિની પરીક્ષા કરવાને આવ્યા.

### પ્રથમ પરીક્ષા

મહર્ષિ પદ્મરથની સમીપે બન્નેય દેવો આવ્યા અને કોઇ મુસાફીર ગૃહસ્થોનુ રૂપ લેઇને મહામુનિને નમ્રભાવે પ્રાથવા લાગ્યા કે, " હે મહામુનિ! અમો મુસાફીરો છીએ. અમારી પાસે હરેક જાતનાં પકવા-

નોનું સુંદર ભાથું અને શીતલ જલ છે. આપ કોઈ તપશ્ચર્યાવાળા શુષ્ક દેખાઓ છો, તો આપ ઈચ્છા પ્રમાણે ગ્રહણ કરો અને અમોને કૃતાર્થ કરો !" મહામુનિ ક્ષુધા અને તૃષાથી બાધિત હતા. ફાસુ આહાર જલનો જોગ મલે તો તેઓને જરૂરિયાત પણ હતી. વળી અટવી એટલે ઘણે દૂર ગયા પછી આહાર મળવાનો સંભવ હતો છતાંય પોતે એ સઘળુંય ઈષ્ટ માન્યું. ક્ષુધા અને પીપાસાની વેદના વધારે લાંબો સમય સહન કરવાનું પસંદ કર્યું. પણ પેલો અનેષનીય આહાર ન જ સ્વીકાર્યો. દેવો કપટથી ગૃહસ્થ બન્યા હતા, તેઓએ નમ્રતાથી પ્રાર્થના કરવામાં કશીય કમીના ન જ રાખી, પણ મુનિ તો અચલજ રહ્યા.

## બીજી પરીક્ષા

હૃદયથી પ્રફુલ્લિત થયેલા દેવોએ બીજી પરીક્ષા કરવાનો સંકલ્પ કર્યો અને મહામુનિની સન્મુખ એક સુંદર દૈવીય નાટ્યક્રમની શરૂઆત કરી. દેવ શક્તિથી સુંદર રૂપરૂપના અંબાર એવી કુમારીકાઓ રાગ-રાગણીઓથી ભરચક, મધુર ગીતો ગાવા લાગી. હાવભાવની જાદુઇ જાળ બીછાવા લાગી અને નેત્રના તીક્ષ્ણ કટાક્ષોનાં બાણોથી વીંધવા લાગી. તેમ જ ભલભલાંને પણ ડોલાવે તેવો રસ-ભરપૂર નાટયક્રમ કરાયા છતાંય મહામુનિવર તો અનિત્ય ભાવનાની રંગભૂમિમાં જ રસ લેતા રહ્યા. પુદ્દગલોના સ્વભાવની વિચારણાના સુંદર ભાવોથી મુનિ તો અલંકૃત થતા ગયા અને આત્મિક નિર્મળતાને અનુભવતા ગયા. દેવોએ મુનિના અંતઃકરણને નિર્મળ અને નિર્વિકારી જોઇને દેવોનાં હૃદયો હર્ષથી ડોલવા લાગ્યાં, પણ પેલા મિથ્યાત્વી દેવને હજુપણ એક અખતરો કરીને પરીક્ષા કરવા વિચાર થયો.

## ત્રીજી પરીક્ષા

મહામુનિ વિચરતા હતા એટલામાં ડોળઘાલુ અને આડંબરથી ડાહ્યાં મોઢે બોલનારા બે નિમીત્તિયાઓ મુનિરાજને મળ્યા અને નમસ્કાર કરીને ધીમે રહીને બોલ્યા "હે મહામુને ! આપનું નિમિત્ત અને લક્ષણો જોતાં નિર્ણય થાય છે કે, આપશ્રીનું આયુષ્ય હજુ ઘણું જ દીર્ઘ દેખાય છે. ભોગ યોગ્ય આ સુંદર કાયા, ચમકતી ભભકદાર તરૂણ અવસ્થા અને પુણ્યના પુંજ સમું મોં, સમૃદ્ધિ કથતું ભાગ્ય આ સઘળુંય શામાટે વેડફી નાખો છો ? પછી વૃદ્ધ થઇને પુનઃ સંયમ ગ્રહણ કરજો, પાલજો."

મહામુનિરાજે જવાબ આપ્યો કે, "કાળનો કાંઈ જ વિશ્વાસ નથી. અનંતકાલ પરિવર્તન પછી મહાપુણ્યે માનવ જીવન અને ધર્મ પ્રાપ્તિ થાય છે, તો દુર્લભ ધર્મને પામીને વિશેષ લાંબુ આયુષ્ય હોવાથી પાલન કરવાની તક મળશે. અહોભાગ્ય છે ! માનવ જન્મને વિલાસોમાં, અને ક્ષણિક ભોગોમાં ગુમાવી દેવો એતો માત્ર પાગલતા જ છે, અજ્ઞાનતા છે. નિર્ભાગિતા છે"

અમૃતધારા સમાન આ પ્રત્યુત્તર સાંભળતાં અડોલ મુનિની વૃત્તિ અને ભાવના જોતાં ઉભય દેવો હર્ષિત થયા અને હવે થાકીને, હારીને, શિવોપાસક જમદગ્નિ તાપસની પાસે ગયા

## "તાપસ-તપાસ"

જમદગ્નિ તાપસ લાંબા કાળથી તરશ્ચર્યા તપતા હતા જેના શરીર પર અનેક વેલડીઓ વીંટાયેલી હતી. અનેક પક્ષીઓએ તેમાં લીલા-ગૃહો બનાવ્યાં હતાં દેખાવમાં દયા અને ક્ષમાના દરિયા સમા હતા. આ તાપસને જોઇને ભલભલા રાજાઓ અને સામાન્ય દર્શકો મુક્ત-કંઠે તાપસની તપશ્ચર્યા ક્ષમા, સંયમ ત્યાગ અને અડોલતાને પ્રશંસતા હતા. આ તાપસની દાઢીમાં ચકલો અને ચકલીનું રૂપ લઇને બન્નેય દેવો બેઠા અને ધીરે ધીરે વાતો કરવા લાગ્યા.

ચકલો ચકલીને કહેવા લાગ્યો કે, " હવે હું ફરવા જવા ઇચ્છું છું, હિમાલય સુધી મુસાફરી કરી આવું. તું અહીં આ નિર્ભય સ્થળમાં રહે અને થોડા સમયમાં પાછો આવીશ." ચકલી દિનતા પૂર્વક ચકલાને ઉદ્દેશીને કહેવા લાગી કેઃ—

" ઠીક, તમો જાઓ તો છો પણ ત્યાં નવી ચકલી સાથે લોભાઇને ત્યાં રોકાઇ જાઓ તો મારૂં શું થાય ? એકલી પડેલી હું જુરી જુરીને મરીજાઉં !"

ના, ના, જરૂર પાછો આવીશ. ન આવું તો ગૌહત્યાનું પાપ મને લાગે એવા શપથ લઉં છું." ચકલીએ કહ્યું કેઃ—

" એમ તો નહિ. પુરૂષોનો વિશ્વાસ ન આવે.

જો તમો પાછા ન આવો તો આ તાપસ જે તપ કરે છે, તે તાપસે જેટલાં પાપો કર્યાં છે અને કરે છે તે બધાંય પાપો તમને લાગે. એવી કબુલાત આપો તો જવાની છૂટ આપું."

તાપસ આ વાત સાંભળતાં જ ઘણાં વર્ષની તપશ્ચર્યાથી તપેલો બધીય ગરમીને આંખોથી વર્ષાવવા લાગ્યો અને કહેવા લાગ્યો કે:—

"તમો જુઠું બોલો છો. ક્ષણવારમાં તમારા પ્રાણ હરી લઇશ. હું તો ઘણાં તપ કરૂં છું. મારાં પાપોને મેં ધોઈ નાખ્યાં છે, નિર્દોષ અને પવિત્ર હું છું. તમો બતાવો કે મેં કયાં અને કયાં કયાં પાપો કર્યાં છે?"

આ હૃદય જોતાં મિથ્યાત્વી દેવ સમજ્યો કે, જૈન–નિગ્રંથો હીરા છે અને આડંબરી તાપસો કાચના જ ટુકડાઓ છે. તાપસ પરીક્ષામાં પાસ થાય તેમ નથી, મારો મિત્ર જે જૈન–ધર્મનો અનુરાગી છે તે સાચો જ છે અને હું માત્ર ભ્રમજાળમાં જ ફર્યો હતો. હવે ચકલી કહે છે કે:—

"મહાત્મા તમોએ પહેલું પાપ તો એ કર્યું કે, પરણ્યા સિવાય ત્યાગી બની ગયા છો કારણ કે "**अपुत्रस्य गति र्नास्ति**" એ વાકયને તમો એ ઉલ્લંઘ્યું છે એટલે તમારી ગતિ જ નહિ થાય. બીજું તમો એ માત્ર કષ્ટતપ તપવાનું શીખ્યા છો પણ આત્માને ક્ષમાના અમૃતથી સિંચ્યો નથી. કસોટી-કાળમાં જ સંતોની શાન્તિની શીઘ્ર પરીક્ષા થાય છે."

પક્ષીઓની વાતો સાંભળતાં ઋષિજીનું ચિત્ત ચક ડોળે ચઢયું અને વિચાર્યું કે, પ્રથમ આ તપને છોડીને મારે વિવાહ કરીને કોઈ કન્યા સાથે પરણવું જોઈએ અને પુત્રાદિ પેદા થયા પછી પુનઃ સંન્યાસી બની તપ આદરવું જોઇએ. પતનના પંથમાં પડેલા તાપસે વિચાર્યું કે, કોષ્ટિક નગરના રાજા જીતશત્રુને ઘણી જ પુત્રીઓ છે તેથી ત્યાં તે ગયા અને એક પુત્રીની યાચના કરીને પરણ્યા અને સંસારના ખાડામાં પડયા.

કાર્યની વિચિત્રતાએ ઋષિનું પતન કર્યું. હૃદયની પવિત્રતા સિવાય તપ, જપ, ક્રિયા, અને અનુષ્ઠાનો એક જાતની છેતરપિંડી જેવાં જ થઈ પડે છે. તેમાંય મિથ્યા માર્ગની આરાધના તો તકલાદી જ હોય છે, એમ ઉપરનું દૃષ્ટાંત સાબીત કરી આપે છે.

બન્ને દેવતાઓ મિથ્યા ઋષિની ચિત્ત–ચાપલ્યતા, ભભકતા અંગારા જેવો ક્રોધ અને જપ, તપ, છોડવાની અસમાધિ–દશા જોઇને જૈન–ધર્મને પ્રશંસવા લાગ્યા. મિથ્યાવાસી દેવ પણ જૈન–ધર્મનો પરમ ઉપાસક બન્યો. મિથ્યા ધર્મને તીલાંજલી આપી બન્ને મિત્ર–દેવોને હવે ધર્મવાદનો પડદો નીકળી જવાથી ધર્મ ઐકયની શૃંખલા મજબૂત બની, પ્રીતિ પણ નિર્દોષ બની. બન્ને દેવો યાત્રાઓ, તીર્થંકરની સેવા વિગેરે કરી સમ્યક્ત્વની નિર્મળતાને પામ્યા.


# પ્લસ પોલીસી

આર્થિક જીવનની શરૂઆતનાં પાંચ વર્ષ દરમ્યાન, હલકા પ્રીમીયમે આખી જીંદગીની મુદ્દતની પોલીસી સરેરાશ વધુ અને સંપૂર્ણ રક્ષણ આપે છે. પાંચ વર્ષ પછી, સ્હેજ વધારે પ્રીમીયમથી એજ પોલીસીને હયાતી માટેની મુદ્દતી પોલીસીમાં ફેરવી નાંખી વૃદ્ધાવસ્થાની નિવૃત્તિને શાંતિમય બનાવી શકશો. આ છે **ગ્રેશમની પ્લસ પોલીસી.**

# ગ્રેશમ

## જીંદગીના વિમા ઉતારનારી સોસાયટી લી.

**સ્થપાઇ સને ૧૮૪૮ માં**

હિંદ, બર્મા અને સિલોન માટેની વડી ઓફીસ

**ગ્રેશમ એસ્યુરન્સ હાઉસ, મુંબઇ.**

| | |
|---|---|
| **નરહરી એમ. ઓઝા** | **ડી. એસ સુરતી** |
| સ્પેશ્યલ એજન્ટ | ડીસ્ટ્રીકટ મેનેજર |
| **પાલીતાણા.** | પો. બો. ૬૦ |
| [કાઠીઆવાડ] | **અમદાવાદ.** |

# સેંકડો સંવત્સરથી પ્રવાહની જેમ વહી આવતી લગ્ન પ્રથા વિનાશના માર્ગે જેનાથી સમાજની અવનતિ:

પૂ. પં૦ પ્રવિણવિજયજી મહારાજ

શીલની કીંમત નહિં સમજનારા કેટલાક ધર્મથી તદ્દન અનભિજ્ઞ આત્માઓ તરફથી વિધવા વિવાહ ( Widow Marriage ) ના પ્રચાર માટે કરવામાં આવતી હીલચાલ ( Movements ) સ્ત્રીઓના શીલ શૃંગારને ભસ્મીભૂત કરવામાં ખરેખર અંગારાનું આચરણ કરી રહી છે, એમ કહીએ તો તેમાં કશું ખોટું નથી.

ઉપરોક્ત પ્રવૃત્તિમાં વિધવા બહેનોની નિરાધાર સ્થિતિ, પતિ વિહોણું જીવન, સંબંધીઓ તરફથી થતો તિરસ્કાર, માંગલિક પ્રસંગે કરવામાં આવતો બહિષ્કાર, વિષયવાસના તૃપ્ત કરવાનાં સાધનનો અભાવ, આદિ દુઃખોથી તેમની થઇ રહેલી કરૂણ હાલતનો ખ્યાલ કરી તેમના ઉપર દયા લાવી તે દુઃખોમાંથી મુક્ત કરવા પુરતો તેમનો આશય છે એમ તેઓ જણાવે છે.

ભલે, ગમે તે આશય હોય, છતાં પણ તેમનો આ મનમાનીતો દયાનો સિદ્ધાન્ત અત્યંત ભૂલ ભરેલો છે; કારણ કે ઉપર ટપકે દેખાતી દયાની કાર્યવાહીમાં અજ્ઞાનતા આદિના કારણે હિંસા પણ થઇ જવાનો ભય રહેલો હોય છે. જ્યારે બહારથી દેખાતી નિર્દયતા ભરેલી ચેષ્ટામાં કોઇ વખત સાચી દયા પણ સમાયલી હોય છે.

દૃષ્ટાંત તરીકે હાથમાં ખુલ્લો ચપ્પુ લઇને રમતાં પોતાનાં બાળકને નિહાળી તેની માતા ઝટ તેના હાથમાંથી તે ચપ્પુને ઝુંટવી લે છે; અને તેમ કરવાથી બાળક પોતાના જાતિ સ્વભાવને આધીન થઈ એ ફાટ રૂદન કરે છે, ગાળો દે છે અને ખાતો પણ નથી. જો બાળકના આ અલ્પકાલિન રૂદનથી થતા દુઃખોનો ખ્યાલ કરી જે માતા તેના હાથમાંથી ચપ્પુને ખેંચી લેતી નથી, તે દયાના વાસ્તવિક સિદ્ધાન્તને સમજી જ નથી. જ્યારે તેનાં ક્ષણિક રૂદન તરફ ધ્યાન ન આપતાં, ભવિષ્યમાં થતાં નુકશાનનો વિચાર કરી, સીધો ન માને તો એક થપ્પડ લગાવીને પણ પુત્રના હાથમાંથી ચપ્પુ ઝુંટવી લેનારી માતા વાસ્તવિક દયાળુ કહી શકાય છે.

તેજ મુજબ વિધવા બહેનોની અલ્પકાલીન પરિમીત અને વિષય સુખની વાસના પુરી કરવા પુરતી જ કાલ્પનિક દયા ખાનારાઓ તેમને શીલધર્મથી ભ્રષ્ટ કરી ભવિષ્યમાં અનેકવિધ દુઃખોને અર્પણ કરનાર હોઇ તેઓ સાચા હિતેચ્છુ અગર વાસ્તવિક દયાળુ છે એમ કદી માની શકાય નહિ.

હા, તેમની નિરાધાર સ્થિતિનો લાભ લઈ તેમનો તિરસ્કાર કરવો, ડગલે અને પગલે અપમાનિત કરવી, રંજાડવી, આદિ તેમના પ્રત્યેનું અનુચિત વર્તન કરવું એ તો સજ્જનો માટે શરમ ભરેલું કહેવાય.

તેમની યોગ્ય સગવડો પુરી પાડવા તેમનું યથા યોગ્ય સન્માન સાચવવા તેમનાં જીવનને ધાર્મિક વાતાવરણમાં જોડવાને શીલના રક્ષણ માટેના શક્ય પ્રયત્નો આદરવા બનતું કરવું જોઇએ એને તો સૌ કોઈ સમ્મત જ છે, અને હોય.

પરંતુ વિષય વાસનાની ક્ષણિક શાન્તિ માટે ભવિષ્યની ઘોર અશાન્તિને ઉત્પન્ન કરનારી પુનર્લગ્નની પ્રથા જૈનસમાજ માટે અગર તો તેમને માટે બીલકુલ અહિતકર, આગામી કાળમાં મોટું નુકશાન કરનારી અને નાલેશી ભરેલી પ્રથા છે.

વીતરાગ ધર્મના મર્મથી વાસિત બનેલી જૈન જેવી પરમોચ્ચ જ્ઞાતિમાં આ રિવાજ દાખલ થાય તો ઉચ્ચ જ્ઞાતિમાં અને નીચ જ્ઞાતિમાં તફાવત શો ? વળી આ પ્રથાથી વ્યવહાર દૃષ્ટિએ પણ આ લોકમાં કેવાં નુકશાનો અને બખેડા ઉભા થાય છે. તે તો આજના જમાનામાં ન્યુસ પેપરોના વાંચનારાઓ સારી રીતે જાણતા હશે.

આ પ્રશ્નને ધર્મ સાથે પણ સંબંધ હોઇ એ વિષયમાં ધર્મશાસ્ત્રો શું ફરમાવી રહ્યાં છે, તેની પણ નોંધ લેવી અતિ આવશ્યક છે.

પરિશિષ્ટ પર્વમાં કલિકાળ સર્વજ્ઞ ભગવાન શ્રીમદ્ હેમચંદ્રાચાર્ય મહારાજ જણાવે છે કેઃ—

सकृज्जल्पन्ति राजानः सकृज्जल्पन्ति साधवः ।
सकृत् कन्या प्रदीयन्ते, त्रीण्येतानि सकृत् सकृत् ॥

**અર્થ:** રાજાઓ તથા સાધુ પુરૂષો જે એક વખત બોલે છે તેનું પાલન કરે છે. અને કન્યા પણ એક જ વખત અપાય છે. ઉપરની ત્રણ વસ્તુ માત્ર એક જ વખત હોય છે.

શ્રી ચંદ્રકેવલી ચરિત્રમાં પૂ. સિદ્ધર્ષિગણિ મહારાજ ચોથા અધ્યાયની ૪૬૨ મી ગાથામાં ફરમાવે છે કેઃ—

काष्ट स्थाली सकृत् वह्नौ, कणिकायां जलं सकृत् ।
सज्जनानां सकृत् वाक्यं, स्त्रीणामुपयमः सकृत् ॥

**અર્થ:** અગ્નિમાં લાકડાંની થાલી, કણેકમાં પાણી, અને સજ્જનોનું વાક્ય આ ત્રણ વસ્તુ જેમ એક જ વાર હોય છે તેમ સ્ત્રીઓનું લગ્ન પણ એક જ વખત હોય છે.

વળી ૪૫૫ મી ગાથામાં તેઓશ્રી ત્યાં સુધી જણાવે છે કે,

करमेलापको यस्याभूत्, भ्रान्त्यापि यत्समं ।
तस्याः सएव भर्ता, स्यात् परस्त्रीस्त्व परस्य सा ॥

**અર્થ:** ભ્રાન્તિથી પણ જેનો હસ્તમેલાપ જેની સાથે થઇ ગયો હોય, તેણીનો તેજ ભર્તા હોઇ શકે છે. તે બીજા માટે પરસ્ત્રી ગણાય, (તો પછી એક પતિ મરી ગયા પછી બીજા પતિની વાત જ કયાં રહી ?)

કલ્પસૂત્રની ટીકામાં આવતું રાજા દધિવાહનની સ્ત્રી ધારણીનું દૃષ્ટાંત પણ એ વાતનો નિષેધ કરે છે. બનાવ એ બન્યો છે કે, રાજા દધિવાહન અને શતાનયુની લડાઈમાં દધિવાહન હારી જાય છે, ત્યારે તેમની રાણી અને પુત્રી વસુમતિ (ચંદનબાળા) કોઈ એક બદમાસના પંજામાં સપડાઇ જાય છે. ચંદનબાળાને વેચી દે છે અને ધારણીને કહે છે કે, હું તને મારી સ્ત્રી બનાવીશ. આ તેના કર્ણકટુક શબ્દો સાંભળતાંની સાથે જ જીભ્હા કચડીને મરણને વધાવી લે છે. પરંતુ તેનાં પાપી વચનને આધીન થતી નથી. જે શાસનમાં, હું તને મારી પત્ની બનાવીશ એ શબ્દો સાંભળવાને માટે પણ સ્ત્રીઓ તૈયાર નથી, ત્યાં બીજો પતિ કરવાની વાત હોય જ કયાંથી !

બાવીશમા તિર્થાધિપતિ શ્રી નેમનાથ ભગવાન ભોગાવલિ કર્મના અભાવે જ્યારે રાજુલ સાથે પાણી ગ્રહણ ન કરતાં જાન લઇ પાછા ફરે છે, ત્યારે રાજુલને તેના માતપિતા કહે છે કે, ગભરાઇશ નહિ, અન્ય કોઈ શ્રેષ્ઠ રાજપુત્ર સાથે તારૂં લગ્ન કરીશું.

તે સમયે જો કે, રાજુલ હજુ લગ્નગ્રન્થીથી જોડાઇ નથી, એટલે તે ઇચ્છે તો બીજો પતિ કરી શકે છે; છતાં તે કહે છે કે, સતી સ્ત્રીઓ જેને મનથી પણ પતિ તરીકે સ્વીકારે છે તેને મન તે જ સાચો પતિ છે. બાકીના ભાઇ-બાપ તુલ્ય છે.

આ દૃષ્ટાંત જૈન સમાજથી કયાં અજાણ્યું છે ? આવી ઉત્કૃષ્ટ સતીનું નામ ભજનારી વિધવા બહેનો જે કાર્ય રાજુલે કર્યું તે કાર્યને પસંદ કરી તેમના પવિત્ર પંથે વિચરી શીલનું સંરક્ષણ કરી અનંત જન્મ મરણોનાં દુઃખોમાંથી પોતાના આત્માને મુક્ત કરે એજ ઉચિત માર્ગ છે.

પૂજ્ય વિજય લક્ષ્મીસૂરીશ્વરજી મહારાજ પર્યુષણાષ્ટાન્હિકા વ્યાખ્યાનમાં સશલ્ય તપ ન કરવા સબંધી લક્ષ્મણા આર્યાનું દૃષ્ટાંત આપે છે. આ લક્ષ્મણા આ ચોવીશીથી, ચોરાશીમી ચોવીશી ઉપર થએલ એક રાજપુત્રી છે. લગ્ન સમયે જ તેનો પતિ ચોરીજમાં મરણ પામે છે. ત્યારે તે પોતે બીજો પતિ ન કરતાં સંસારનો ત્યાગ કરી સાધ્વી બની જાય છે. આથી એ સાબીત થાય છે કે, ખાનદાન કુળની બાલિકાઓ એક પતિનાં મરણ પછી બીજો પતિ સ્વીકારતી નથી. એ સુંદર પ્રથા અસંખ્યાતા વર્ષો પહેલાં પણ હતી.

જંબુસ્વામીની સાથે માત્ર સગપણમાં જોડાએલી આઠ પુત્રીઓને તેમના માતપિતા કહે છે કે, જંબુ તો દીક્ષા લેનાર છે, માટે તમારો વિવાહ બીજા સાથે કરીએ ત્યારે તેઓ જવાબ આપે છે કે, જે જંબુ કરશે તે કરવા અમો તૈયાર છીએ, પણ તેના સિવાય બીજો પતિ તો આ ભવમાં કદી કરશું નહિ. જ્યાં બીજો પતિ કરવાનો અવકાશ છે ત્યાં પણ સતીઓ અન્ય પતિઓને ઇચ્છતી નથી તો પછી એક પતિના મરણ બાદ બીજા પતિ માટે સ્વપ્ને પણ ઇચ્છા કરે જ કેમ ?

એક મતથી વાસુપૂજ્ય સ્વામીના અને બીજા મતથી મુનિસુવ્રતસ્વામીના સમયમાં થએલા શ્રીપાળકુમાર અને મયણાની કથા સારી જૈન આલમમાં સુવિખ્યાત છે. તે કથામાં મયણા સુંદરીએ પોતાના પતિને આપેલો જવાબ અને તેની માતાએ પોતાની પુત્રી માટે કલ્પેલો અભિપ્રાય એ તેમના હૃદયમાં રહેલી સતીત્વ ધર્મની મહત્તાને માપવાનું એક માપક યંત્ર ગણી શકાય.

વસ્તુસ્થિતિ એ છે કે, કોઢ રોગથી ગ્રસ્ત થએલા શ્રીપાળકુમાર મદનાસુંદરી જેવી એક રાજપુત્રીનો મારી સંગતથી ભવ ન બગડે એ હેતુથી કહે છે કે, હે મદના ! તું હજી બીજો પતિ કરી શકે છે, તેના ઉત્તરમાં તે જણાવે છે કે, હે સ્વામીનાથ ! આવું કર્ણકટુક વચન આપ ફરી કદી બોલશો નહિ, કારણ કે, પ્રથમ તો કાંજી એક તુચ્છ ખાણું છે અને તે પણ જો સડેલી હોય તો તેની તુચ્છતા માટે પૂછવું જ શું ? તે જ મુજબ એક તો સ્ત્રીનો અવતાર જ અનંત પાપની રાશિ એકઠી થાય ત્યારે પ્રાપ્ત થતો કોઇ અધર્મ ગણાય છે, તેમાં બીજો પતિ કરવો એટલે તેની અધમતા માટે કહેવું જ શું ? આનું નામ જ સાચો સતીત્વ પ્રેમ.

ત્યારબાદ સિદ્ધચક્ર મહારાજના સ્નાત્ર જલનાં સિંચનથી કંચનમય કાયાવાળા શ્રીપાળકુમારને જ્યારે રૂપસુંદરી નીહાળે છે, ત્યારે તે પોતાના મનમાં વિચારે છે કે, એક તો ક્રોધાવેશમાં આવી જઈ રાજાએ અનુચિત કાર્ય કર્યું અને બીજી બાજુ કોઢીયા પતિને છોડી દઈ અન્ય પતિનો સ્વીકાર કરવાથી મદનાએ પણ અનુચિત કર્યું છે. એમ વિચારી ગદ્‌ગદ્ કંઠે રૂદન કરવા લાગી અને કહ્યું કે, બન્ને કુળને કલંકીત કરનારી મારી આ પુત્રી મારે પેટે પત્થર પડી હોત તો સારૂં થાત.

ખરેખર રૂપસુંદરીની આ ખોટી પણ કલ્પના તેના હૃદયમાં ઉંડે ઉંડે રહેલા સતીત્વ ધર્મની મહત્તાનું એક પ્રતિબિંબ હતું.

હવે પુનર્લગ્નની પુષ્ટિ માટે માત્ર અજ્ઞજનોને ભ્રમિત કરવા અપાતા કપોલકલ્પીત દષ્ટાંતોનો વિચાર કરીએ.

પ્રથમ વિધવાવિવાહની પુષ્ટિ માટે વસ્તુપાલ તેજપાલની માતાનું દષ્ટાંત તપાસીએ. આ સ્ત્રીની કુક્ષિથી બે નરરત્નો પાકશે, એવી કોઇ ભવિષ્યવેત્તાની વાણીને સાંભળી નજીકમાં રહેલો માણસ આ વાતને સાંભળી તેને ઉપાડી જાય છે. અને તેનાથી બે નરરત્નો ઉત્પન્ન થયા છે આથી તેમની માતાએ ઇરાદાપૂર્વક પુનર્લગ્ન કર્યું છે એમ કદી સિદ્ધ થઇ શક્તું નથી, અને તે વખતે એ રિવાજ હતો એમ પણ કહી શકાય નહિ. કોઇ વ્યક્તિગત બનેલી ઘટનાનો જૈન સમાજમાં ચાલી આવતા સુંદર બંધારણને તોડી નાખવામાં દુરૂપયોગ કરવો એ સજ્જનો માટે ઉચિત ન કહેવાય. વળી તેવા પ્રકારનાં નરરત્નોની ઉત્પત્તિ એ કાંઇ વિધવાવિવાહને આભારી છે એમ નહિ, પરન્તુ જૈનશાસનની પ્રભાવના કરનાર તેવા મહાન્ પુરૂષોની ઉત્પત્તિ એક જાતની ભવિતવ્યતાને આભારી છે. વળી ત્યારપછી હજુ કોઇ સધવા સ્ત્રીએ આજસુધી એવાં નરરત્નો ઉત્પન્ન કર્યાં નથી, તો વિધવાઓથી તેવાં નરરત્નો ઉત્પન્ન થવાની વાયડી વાતો કરવી વ્યર્થ છે,

હવે મૌર્ય અને મંડિતપુત્ર એ બે ગણધરોની માતાનો આપવામાં આવતો દાખલો પણ અનુચિત જ ગણાય. કારણકે તેઓ બ્રાહ્મણપુત્રો હતા, એટલે તે દેશમાં તે પ્રથા તે સમયે ચાલતી હોય અને કોઈ તેમ કરે એ સંભવિત છે; પરન્તુ તેવી પ્રથા વીતરાગ ધર્મના અનુયાયીઓએ અપનાવવીજ જોઇએ એમ કદી બની શકે નહિ. કોઈપણ કોમમાં રહેલી સુંદર અને હિતકર પ્રથાનું અનુકરણ કરવું યોગ્ય ગણાય.

વળી કેટલાક જૈનધર્મના ઇતિહાસથી તદ્દન અજ્ઞ મનુષ્યો તો આદીશ્વર ભગવાને પણ કયાં પુનર્લગ્ન નથી કર્યું ? એમ કહી તે મહાપુરૂષ ઉપર પણ અધમ આરોપ મૂકવાનું સાહસ ખેડે છે. પરન્તુ નીચેનો ખુલાસો વાંચવાથી માલમ પડશે કે, એ વાત તદ્દન બીનપાયાદાર અને ગલત છે.

ભગવાન આદીશ્વરના સમયમાં જ્યારે યુગલિક ધર્મ પ્રવર્તતો હતો, ત્યારે જે ભાઇબેનનું યુગલ જન્મે તેજ યુગલ પુખ્ત ઉમર થતાં પતિ–પત્ની તરીકેનો સંબંધ જોડે છે. આ તેમને માટે અનાદિકાળનો નિયમજ હોય છે.

તે અરસામાં એવુંજ એક યુગલ ઝાડ નીચે બેઠું છે, તે પ્રસંગે અચાનક ઝાડ ઉપરથી એક ફળ પુરૂષના શીર ઉપર પડવાથી તે મરી જાય છે અને કન્યા એકલી પડવાથી આમતેમ ભટકે છે. તેને ઉપાડીને નોકરો નાભી રાજા પાસે લાવે છે. કન્યાની આશ્ચર્યરૂપ બનેલી નિરાધાર સ્થિતિને નીહાળી નાભી રાજા કહે છે કે, ભલે રાખો ! આદીશ્વરની આ પત્ની થશે. હજી તો એ ભાઇબેનો યુગલિક ધર્મના રિવાજ મુજબ પતિ–પત્ની તરીકે જોડાયાંજ નથી, તે પહેલાં તો પુરૂષનું મૃત્યુ થઈ જાય છે. અંતે તે કન્યાનું પાણીગ્રહણ આદીશ્વર ભગવાન કરે છે. કહો ! આ પ્રસંગમાં જરાપણ વિધવા વિવાહની ગંધ છે ?

સામાન્ય બુદ્ધિવાળા પણ આ ઘટનાને દીર્ઘ દષ્ટિથી વિચારશે તો સહેજે સમજી શકાય એવી છે; છતાં પાશ્ચિમાત્ય કેળવણીમાં નિષ્ણાત બનેલા આ પ્રસંગને આગળ કરી ભોળા જનોને ઉંધા પાટા બંધાવવાનો પ્રયત્ન શા માટે કરતા હશે ? તે સમજ પડતી નથી. કોઈપણ સારી અગર બુરી કાર્યવાહી કોઇપણ શખ્સ કરે તેને કોણ રોકી શકે છે ? પરંતુ પોતાના ખોટા સિદ્ધાન્તને પોષવા માટે ભગવાનનાં પવિત્ર નામને સંડોવવું એ તો તદ્દન ગેરવ્યાજબી ગણાય.

વીતરાગ પરમાત્માના ધર્મમાં શીલ એ સૌથી શ્રેષ્ઠ અને સુંદર આચાર ગણાય છે. ભરહેસરની સજ્ઝાયમાં જે વ્યક્તિઓ ચતુર્વિધ સંઘ માટે પ્રાતઃસ્મરણીય બની હોય તો તેમાં પણ તેમનું શીલ જ કારણ છે. તેવા સુંદર ધર્મનો નાશ કરનારી વિધવાવિવાહની પ્રથા આર્યોમાટે કોઈ પણ સંજોગોમાં આવકાર દાયક ગણી શકાય નહિ.

તદુપરાંત અત્રે કર્મ થીઅરીનો પણ વિચાર કરવો જરૂરી છે કે, બધી જ સ્ત્રીઓને બાળ રંડાપો નહિ આવતાં અમુકને જ આવે છે તેનું શું કારણ ? ભૂલ સિવાય શિક્ષા કદી હોતી જ નથી. બાળ વૈધવ્ય દશાનું મુખ્ય કારણ તો એ છે કે, જે સ્ત્રીઓએ શીલધર્મનું સુંદર પરિપાલન નથી કર્યું તેવી સ્ત્રીઓને તે દશાના ભોગ નાની ઉમ્મરમાં થવું પડે છે. તો હવે તેવી વૈધવ્ય દશા પુનઃપ્રાપ્ત ન થાય અને પરંપરાએ જન્મ મરણનો પણ અંત આવે એ માટે શીલધર્મના પાલનની પરમ આવશ્યકતા છે; પણ તે આવશ્યકતા નહિ સ્વીકારતાં તેમને પુનર્લગ્નની વિણ માગી સલાહ આપી શીલથી ભ્રષ્ટ બનાવી ભવોભવમાં રંડાપા આદિનું દુઃખ સમર્પણ કરવું એ તો સોના સાટ કૈરખા બરાબર છે.

જે દુઃખ શીલના ખંડનથી ઉભું થયું હોય તે દુઃખને દૂર કરવા માટે શીલપાલન કેવળ પરમ ઔષધ છે. કાદવથી ખરડાયેલા પગને સાફ કરવા માટે કાદવની નહિ પરંતુ તેને સ્વચ્છ કરવા માટે પાણીની જરૂર રહે છે. તેમજ બાળવિધવાઓ થતી અટકાવવા માટે કન્યાવિક્રય, વૃદ્ધવિવાહ આદિ કુપ્રથાઓ રોકવાની જરૂર છે. ઉંટવૈદાથી રોગ નાબુદ નહિ થાય. સત્ય ઔષધિની શોધ કરવી જરૂરી છે.

હવે જે લોકો એમ કહે છે કે, જેને પુનર્લગ્ન કરવું હોય તે કરે. ન કરવું હોય તે ન કરે પણ એ માટે સમાજ તરફથી નાહકનો પ્રતિબંધ હોવો ન જોઇએ. કારણ કે, બળાત્કારથી ધર્મ કરાવવામાં શો ફાયદો છે. ?

આ તેમનું કહેવું યુક્તિ યુક્ત નથી. કારણ કે, બંધારણ વિના સમાજને છિન્ન ભિન્ન થતાં વિલંબ લાગતો નથી. વળી જૈન સમાજ જેમાં પાપ માનતો હોય, જેથી ભવિષ્યમાં અત્યંત નુકસાન નિહાળતો હોય, તેવી કાર્યવાહીઓનો પ્રતિબંધ તેણે કરવો જ જોઇએ. આત્મહિતને નુકસાન કરનારાં પાપ કાર્યો સૌની ઇચ્છા ઉપર છોડવામાં આવે તો તે પાપકારી કાર્યવાહીનો પ્રચાર છડેચોક વધી જાય એ નિ:સંદેહ વાત છે. વ્યકિતગત કોઇ સ્ત્રી તેવું કાર્ય કરે તો તેને માટે પોતે જ જોખમદાર છે, જ્યારે ધર્મ તરફથી અગર સમાજ તરફથી તે પ્રતિબંધ ઉઠાવી લેવામાં આવે તો પુનર્લગ્નની અનિષ્ટ પ્રવૃત્તિનો પ્રચાર વધી જાય અને તેથી થતા સઘળા પાપના ભાગીદાર જૈનસમાજ તથા ધર્મશાસ્ત્રાકારો બને છે. માટે કોઇ પણ અધર્મની કાર્યવાહી ઉપરનો પ્રતિબંધ ખસેડી લેવાની અગર તેને શીથીલ બનાવવાની કોશિષ બીલ્કુલ હિતાવહ કહી શકાય નહિ. વ્યવહારમાં પણ દર્દીને પાળવાની પરેજી (ચરી) વૈદ્યો દર્દીની ઇચ્છા પર છોડે, વિદ્યાર્થી-

ઓએ અદા કરવાની ફરજોનો અમલ, માસ્તરો તેમની મુનશબી ઉપર રાખે, અને કલાર્કોએ બજાવવાની ફરજો, ઓફીસરો તેમની મરજી ઉપર છોડે તો તે સંસ્થાઓમાં અનેકવિધ બખેડા અને અવ્યવસ્થા ઉભી થયા વિના રહે જ નહિ માટે જૈન સમાજને સુવ્યવસ્થિત રાખવા માટે દરેક પ્રકારના કાયદા કાનુનને મજબુત બનાવવાની જરૂર છે.

વળી બળાત્કારથી પળાવેલા શીલ પાલન આદિ ધર્મોથી કાંઇ લાભ જ નથી એમ કહેનારાઓ જૈન સિદ્ધાન્તથી તદ્દન અજ્ઞાન છે, શાસ્ત્રમાં કહ્યું છે કે,—

कायेण बंमचेरं धरंति भव्वान जे असुद्ध तणा ।
कप्पंमि बंमलोए ताणं नियमेन उववाओ ॥

**અર્થ**: જે ભવ્ય આત્માઓ અશુદ્ધ મનથી માત્ર કાયાથી બ્રહ્મચર્યને પાળે છે તે નિશ્ચયથી બ્રહ્મદેવ લોક નામના પાંચમા દેવલોકમાં ઉત્પન્ન થાય છે." જો કે નિકટ મોક્ષગામી એવો તો ઇચ્છાપૂર્વક શીલનું પાલન કરે છે છતાં કુલાચારથી અગર લજ્જાથી પણ તેનું પાલન દેવલોકની સુંદર સુખ સાહીબીથી ભરપુર ગતિ અર્પે છે. વિના ઇચ્છાએ પીધેલું અગર બળાત્કારથી પીવડાવેલું અમૃત કદી નુકસાન કરતું નથી.

કેટલાકનું કહેવું એમ પણ છે કે—ઘણાં પાપ કાર્યોનો ધર્મ શાસ્ત્રકારો તરફથી પ્રતિબંધ હોવા છતાં તથા તે માટે ધર્મગુરૂઓનો ઉપદેશ ચાલુ હોવા છતાં દુનિયામાં સઘળા પાપો તો ચાલુ જ છે અને તેથી પ્રતિબંધની કાંઇ કીંમત રહેતી નથી. ઉપરોક્ત તેમની માન્યતા સાવ ભૂલ ભરેલી છે.

કારણ કે ઘરનું બારણું બંધ હોવા છતાં ચોરો તો ગમે ત્યાંથી ખાતર પાડી પેસી જાય છે. તો પછી બારણું બંધ કરવાનો કાંઈ અર્થ સરતો નથી છતાં બારણું ખુલ્લું રાખીને તો સુતા નથી કદાચ બંધ કર્યું કે નહિ તેની શંકા હોય તો ભર નિદ્રામાંથી ઉઠીને પણ પુનઃ તપાસી આવો છો. કહેવું જ પડશે કે, ખુલ્લે બારણે ચોરને પેસવાની જે સુગમતા રહે છે તેવી સુગમતા ખાતર પાડીને પેસવાની ન જ રહે ઉપરના દૃષ્ટાંતથી પ્રતિબંધની કેટલી આવશ્યકતા છે તે આપો આપ સમજાઈ જશે. (ચાલુ)

# બે સુવાકયો:

પૂ૦ પં. પ્રવિણવિજયજી મહારાજ

Content ment does not arise from wealth, rank or power but from the simple mind that is easily pleased with what he gets, and simple tastes that are easily qualified to gether with the heart of Considering that what ever is, is best.

ધન, હોદ્દો અગર સત્તામાંથી સંતોષ કદી ઉત્પન્ન થતો નથી. પરન્તુ જે સમયે જે વસ્તુ મલી રહે તેટલા માત્રથી જ ખુશ રહેનારા સાદા મનદ્વારા તેમજ તુચ્છ વૈભવમાં પણ આનંદ અનુભવનારા અને પોતાની પાસે જે કાંઇ છે તેનેજ સર્વસ્વ સમજનારા હૃદય દ્વારા સંતોષ પેદા થઇ શકે છે.

no body likes critism Every body's shilling is worth 13 d. Stinging critism even if it is justified spoils human relations.

કોઇને પણ પોતાની ટીકા પસંદ પડતી નથી. દરેકને પોતાની વસ્તુ હોય તેના કરતાં વધુ કીંમતી માલુમ પડે છે.

સાચી પણ કડક ટીકા મનુષ્યોના પરસ્પર સંબંધોમાં ખલેલ પહોંચાડે છે.

# એની કાંઈ સમજ પડતી નથી!

લેખક : પ્રકર્ષ

અનેક રોગોથી પીડાતા, ડોકટર અને વૈદ્યોના કહેવા માત્રથી જેના સિવાય ઘડીભર પણ નભી ન શકે એવી પોતાની ઇષ્ટ વસ્તુનો પણ ત્યાગ ખુશીથી કરવા તૈયાર થનારા દર્દીઓ, મુનિરાજના કહેવાથી, આત્માની તંદુરસ્તી અર્પણ કરનાર, કંદમૂળ, રાત્રિભોજન અને અન્ય અભક્ષ્ય વસ્તુઓનો ત્યાગ કરવામાં શા માટે આનાકાની કરતા હશે? **એની કાંઇ સમજ પડતી નથી!**

ખાંડ અને કાપડના રેશનીંગમાં તથા અન્ય પ્રસંગોએ કલાકો સુધી ખડેપગે ઉભા રહેનારા, પ્રતિક્રમણ આદિ ધર્મક્રિયાઓમાં ઉભા થતાં કેમ કંટાળતા હશે? **એની કાંઇ સમજ પડતી નથી!**

માત્ર પેટની ખાતર પચ્ચીસ–પચાસનો પગાર આપનારા શેઠીયાઓની અને ઓફીસરોની આજ્ઞાને ઝટ ઉઠાવનારા, સંસારની સઘળી તકલીફોમાંથી હંમેશને માટે મુક્ત કરનારી વીર પરમાત્માની શકય આજ્ઞાઓને શીરોધાર્ય કરવામાં આંખ આડા કાન કેમ કરતા હશે? **એની કાંઇ સમજ પડતી નથી!**

કેવળ પાપના પોટલાજ બંધાવનાર તથા પૈસા અને આરોગ્યનું પાણી કરાવનાર નાટક, સીનેમાને આંખ ફાડીને જોનારાઓને પાપનાશક ધર્મના રાત્રિ જાગરણો સમયે કેમ નિદ્રા આવતી હશે? **એની કાંઇ સમજ પડતી નથી!**

સીગારેટ, બીડી, પાનપટ્ટી, સોડાલેમનના પીણાં, હોટલના ચા, કોફી અને ચેવડા તથા નાટક-સીનેમા આદિમાં વ્યર્થ ખર્ચ કરનારા, ભુખ્યા ભીખારીના પેટમાં પડેલા ઉંડા ખાડાને નીહાલી તેમનું હ્રદય કેમ નહિ પીગળતું હોય? **એની કાંઇ સમજ પડતી નથી!**

અનેક પ્રકારની માથાફોડ કરાવનારા ટાઇફોડ જેવા તાવની લાંબી માંદગીમાં માત્ર મગનું પાણી અને મોસંબીના રસ ઉપર ગુજારો કરનારાઓને, સારા થયા પછી ઉપવાસ, આયંબીલની તપશ્ચર્યાઓ ઉપર તથા અભક્ષ્ય પદાર્થોનો ત્યાગ કરવા માટે રૂચી કેમ નહિ જાગતી હોય? **એની કાંઇ સમજ પડતી નથી!**

સંસારના રંગરાગમાં અને અનેકવિધ પાપારંભમાં રક્ત બનેલા શેઠ સાહુકારોને, પ્રોફેસરોને, અમલદારોને ઝુકીઝુકીને સલામ કરનારાઓને સંસારના સમસ્ત પાપોના ત્યાગી મુનિવરોને ઝુકવામાં કેમ લજ્જા આવતી હશે? **એની કાંઈ સમજ પડતી નથી!**

અલ્પકાલીન, અશાશ્વત સ્વરાજ્ય અપાવનારાના સામૈયામાં રસપૂર્વક ભાગ લેનારાઓ શાશ્વત અને સંપૂર્ણ સ્વરાજ્ય અર્પણ કરાવનાર મુનિરાજોના સામૈયાનો વિરોધ કયા હેતુથી કરતા હશે? **એની કાંઇ સમજ પડતી નથી!**

બેરીસ્ટરની, ડોકટરની અને આઇ. સી. એસ. આદિ ડીગ્રીઓ મેળવનારના માનમાં ટીપાર્ટીઓ આપનારાઓ, સાધર્મિકભાઇઓના જમણમાં પૈસાનો દુરૂપયોગ થાય છે એમ શું મોઢું લઇને બોલતા હશે? **એની કાંઈ સમજ પડતી નથી!**

રોટલી, દાળ, ભાત, કપડા, ઘરેણાં અને ઘરના રોજીંદા એના એ વપરાશથી નહિ કંટાળનારાઓ રોજ એની એ પૂજા, સામાયિક અને ધર્મપ્રવચન આદિ સદા આરાધવા લાયક ક્રિયાઓથી કેમ કંટાળતા હશે? **એની કાંઇ સમજ પડતી નથી!**

ડોકટરોના પ્રિસક્રીપશન ઉપર વિશ્વાસ રાખી પાણી અને દવા મેળવી આપનાર કમ્પાઉન્ડર ઉપર શ્રદ્ધા કેળવી, આંખ મીંચીને દવાના ડોઝો ગગડાવનારાઓને, ધર્મશાસ્ત્રો ઉપર તથા ભાવઔષધી અર્પણ કરનાર મુનિરાજો ઉપર તેટલો વિશ્વાસ કેમ નહિ જામતો હોય? **એની કાંઇ સમજ પડતી નથી!**

દવાખાનાની, અનાજની, કાપડની, શાકભાજી આદિ દુકાનોની, નિશાળની, હજામની, ધોબીની, ભંગીની અને ટ્રેઇન, ટ્રામ અને બસની જરૂરીયાત સ્વીકારનારાઓને, માત્ર ધર્મની જરૂરીઆત કેમ ખુંચતી હશે? **એની કાંઈ સમજ પડતી નથી!**

ઘરમાં બાલ બચ્ચાના, સાસુ વહુના, નણંદ ભોજાઇના, કાકા ભત્રીજાના અને મા દીકરાના મતભેદથી કજીયા કંકાસથી, તથા બજારમાં ઘરાકોના

અને મોટર ખટારાના કોલાહલથી કંટાળી જઈ ઘર તથા બજારને નહિ છોડનારાઓ, ભક્તિની ધુનના એક તાનથી ગવાતા સ્તવનોના અવાજથી તથા ઘંટના જયનાદોથી દહેરાસરને અને ધર્મ સંબંધી મતભેદના કારણે ઉપાશ્રયોને શા માટે તીલાંજલી આપતા હશે? **એની કાંઇ સમજ પડતી નથી. !**

**આજકાલ** ધર્મમાં ઝઘડાઓ વધી ગયા છે, એમ બહાનું કાઢી, શકય અને મતભેદવિનાના ધર્મ અનુષ્ઠાનોને નહિ આચરનારા 'નાચવું નથી તેનું આંગણું વાંકું' એ કહેવત મુજબ હમારે ધર્મ કરવો જ નથી એમ સાચે સાચું કેમ નહિ કહેતા હોય? **એની કાંઇ સમજ પડતી નથી !**

**માત્ર** અલ્પકાલીન શારીરિક આરોગ્યતા અર્પણ કરનાર મોટા સેનીટેરીયમો અને મોટી મોટી હોસ્પીટલો તથા કેવળ ઇહલોકોપયોગી કેળવણી માટે મોટી મોટી કોલેજો અને હાઇસ્કુલો ખડી કરનારાઓને, શાશ્વતશાંતિ, ભાવઆરોગ્યતા અને સમ્યગ્જ્ઞાન બક્ષનાર, વીતરાગ પ્રભુના ગગન ચુંબી જીનાલયો તથા આલીશાન ધર્મસ્થાનો શા માટે ખટકતાં હશે? **એની કાંઇ સમજ પડતી નથી. !**

**સંઘોમાં, ઉદ્યાપનોમાં,** ઉપધાનમાં અને પ્રભુના અષ્ટાન્હિકા મહોત્સવ આદિ એકાન્તે હિતકર ધર્મ કાર્યોમાં વપરાતી લક્ષ્મીને ધૂમાડો થયો માનનારાઓને સુધારક કેમ કહેવા? **એની કાંઇ સમજ પડતી નથી. !**

**બજારૂ** તમામ વસ્તુ ખરીદનારાઓ આ સારી અને આ ખરાબ આ ટકાઉ અને આ બીન ટકાઉ એમ બે વિભાગો પાડી દુકાને દુકાને ભટકી ઉંચી વસ્તુને ખરીદવાની કાળજી રાખનારા બધા ધર્મો સરખા છે એમ શું જોઇને બોલતા હશે? **એની કાંઇ સમજ પડતી નથી !**

**સરકારના** ગુન્હા બદલ વર્ષો સુધી જેલની ચાર દિવાલો વચ્ચે તથા લકવા આદિની બીમારીના કારણે ઘરના ખૂણામાં ગોંધાઈ રહેનારા, માત્ર બાર કલાક અગર ચોવીશ કલાક અગર ચોવીશ કલાકના મર્યાદિત સમયવાળા પૌષધવ્રત માટે ઉપાશ્રયની ચાર દિવાલ વચ્ચે આવતા કેમ ગભરાતા હશે? **એની કાંઇ સમજ પડતી નથી !**

**સ્વરાજ્ય** પ્રાપ્તિના ઉપાયોમાં તથા તે સંબંધી સંસ્થાઓના અનેક મતભેદ હોવા છતાં, સ્વરાજ્ય પ્રાપ્તિના ઉપાયોને નહિ છોડનારાઓ, ધર્મના સામાન્ય મતભેદોથી અકળાઇ જઇ ધર્મ જેવી ઉચ્ચ અને પવિત્રતમ વસ્તુને તિલાંજલી આપનારાઓને સમજુ કહેવા કે અણસમજુ કહેવા? **એની કાંઇ સમજ પડતી નથી !**

**પૂજા,** સામાયિક, પ્રતિક્રમણ અને વ્યાખ્યાન શ્રવણ આદિ ધર્મક્રિયાઓ કરી ઉપાશ્રયના તથા દેરાસરના ચોરસા ઘસી નાંખનારા હજુ અનીતિ, જુઠ અને કપટને છોડતા નથી. અમો ધર્મની ક્રિયા બીલકુલ કરતા નથી છતાં અનીતિ આદિ પાપોને આચરતા નથી. એમ બોલનારાઓ તે તે ધર્મક્રિયાઓને પણ અમલમાં મૂકી, ચોરસા ઘસી નાંખનારાને શિક્ષા આપવાની સુંદર તકને શામાટે જતી કરતા હશે? **એની કાંઇ સમજ પડતી નથી !**

ખાવાની, પીવાની, સુવાની, હરવાફરવાની, રાંધવાની, ભીક્ષા લાવવાની, ટટ્ટી જવાની આદિ રાત અને દિવસ અનેકવિધ ક્રિયાઓ કરનારાઓનું, પ્રતિક્રમણ સામાયિક, પૂજા, પૌષધ આદિ ક્રિયાઓએ શું બગાડયું હશે? નાહકમાં તે શુભ ક્રિયાઓનો વિરોધ કરી ભદ્રિક આત્માઓના ભાવ પ્રાણોનું શામાટે ખૂન કરતા હશે? **એની કાંઈ સમજ પડતી નથી !**

---

# પ્રશ્નોત્તરો લખી મોકલો !

**'કલ્યાણ' માસિકમાં ચાલુ પ્રશ્નોત્તર વિભાગ રાખવા માગીએ છીએ તો પ્રશ્નોત્તરો મોકલવા લેખકોને આમંત્રીએ છીએ, તે પ્રશ્નોના જવાબો મેળવવાની ગોઠવણ અમે કરી લઇશું.**

# બે રાજકુમારો:

શ્રી સોમચંદ શાહ

**રાજકુમારોની અપરમાતા કામવિકારને વશ થાય છે. તૃપ્તિમાં ફાવટ નહિ આવવાથી બન્ને રાજપુત્રોને મરાવી નાખવાની જાળ બીછાવે છે એમાં મંત્રીશ્વરની સમયસૂચકતા, બન્ને રાજકુમારોને બચાવી લે છે; તેનું રહસ્યભર્યું વર્ણન આ કથામાં રજૂ થાય છે.**

ભરતક્ષેત્ર એ આર્યોની પુણ્યભૂમિ ઉપર આજ લગીમાં અનેક મહાપુરુષોએ અવતાર લીધો છે અને એ મહાપુરુષોએ જગતના જીવો ઉપર ઉપકાર કરવામાં કમીના રાખી નથી.

એક કાળે ઉજ્જયિનીમાં પરાક્રમી મહાસેન નામે રાજા રાજ્ય કરતો હતો. સુરસુંદરી અને મહાલક્ષ્મી નામે બે રાણીઓ હતી. સુરસુંદરી પટરાણી હતી તેને પાલ અને ગોપાલ નામે બે રાજપુત્રો હતા.

એક વખત રાજા પોતાના આવાસમાં સુતેલો છે. સ્વપ્નમાં મસ્તકવિનાના ધડને નૃત્ય કરતું જોયું. જોઇ એકદમ મુખમાંથી શબ્દો સરી પડ્યા કે, આ શું? આકુળવ્યાકુળ બનેલ રાજાએ તુરતજ મંત્રીશ્વરને બોલાવ્યો. મંત્રીશ્વરે હાજર થઇ મહારાજાને પૂછ્યું કે,

"કવખતે મારૂં શું કામ પડયું?"

"મંત્રીજી! આજે મેં સ્વપ્નમાં મસ્તક વિનાના ધડને જોયું છે તો તેનું ફળ શું હશે?"

"ફળની ખાત્રી કરવા આપણા હોંશીઆર સ્વપ્ન વિશારદોને બોલાવીએ."

"બોલાવો તો ખરા તેઓ શું કહે છે." રાજ સેવકોદ્વારા સ્વપ્નપાઠકોને બોલાવ્યા અને સ્વપ્નનો ભાવ પૂછયો. જ્યોતિષવેત્તાઓએ કહ્યું,

"મહારાજા! કહેતાં જરા દુ:ખ થાય છે."

"તમારે દુ:ખ લાવવાનું કશું કારણ નથી. જેવું હોય તેવું જણાવો."

"સ્વપ્નનું ફળ માઠું છે."

"માઠું હોય તો ભલે હો પણ જલ્દિ જણાવો" રાજા સ્વપ્નનું ફળ શ્રવણ કરવાને આતુર બન્યો. સ્વપ્ન પાઠકોએ સ્વપ્નનું ફળ જણાવતાં કહ્યું કે,

"બન્ને રાજપુત્રો સાથે આપને એક માસ પર્યંત વનવાસ સેવવો પડશે."

"વનવાસ સેવવામાં તો અમને ભય નથીને?"

"ભયથી બચવા માટે બન્ને રાજપુત્રોએ ખડ્ગને ધારણ કરવું અને સશસ્ત્ર સુભટોને પણ સાથે રાખવા આ રીતે ૧૯ દિવસ વ્યતિત કરવા." અધિરાઈથી રાજાએ પૂછ્યું કે,

"પછી શું કરવું?"

"પછી ખૂટતા દિવસોમાં બન્ને રાજપુત્રો નૃત્યના થનગનાટ સાથે તમારી પાસે આવે અને પાછા વનમાં ચાલ્યા જાય આ રીતે એક માસ પૂર્ણ થાય ત્યાંસુધી ચાલુ રાખે ત્યારબાદ પુનઃ રાજ્યને સંભાળવું. આ અમંગળના નાશનો વિધિ છે."

સ્વપ્નપાઠકોએ સ્વપ્નનું ફળ અને ભાવિમાર્ગનું નિરૂપણ કર્યાં પછી સૌ સૌને ઘેર જવા ઉપડી ગયા અને મહારાજાએ મંત્રીશ્વરને કહ્યું કે,

"મંત્રીશ્વર! આ રાજ્યકારભાર તમે સંભાળો!"

"મહારાજા! જેવી આપની આજ્ઞા!" બન્ને રાજપુત્રો સાથે મહારાજાએ એક માસનો વનવાસ સ્વીકાર્યો, વનમાં ૧૯ દિવસ વ્યતિત થયા. પછી બન્ને રાજપુત્રોએ ભિલના વેશનું પરિધાન કરી નાચતાં નાચતાં રાજમહેલ સુધી આવ્યા.

રાજપુત્રોનું રૂપ અપ્સરાઓને પણ શરમાવે તેવું હતું. અંગોપાંગ તેજરૂપથી લેપાયેલાં હતાં, ભાલ અર્ધચંદ્રમાની જેમ ચમકતું હતું, તે રૂપ લાવણ્યથી તેની અપરમાતા મહાલક્ષ્મીના શરીરમાં કામ–વિકારે સ્થાન લીધું. ખરેખર કામરૂપી આત્મશત્રુની બલિહારી છે. માનવ જેવા બુદ્ધિશાળી પ્રાણી આગળ પણ કામવિકાર શું નથી કરાવતો? कामातुराणां भयं न लज्जा.

કામને વશવર્તી આત્મા ભાન ભૂલે છે, જીવનને ચૂંથી નાંખે છે. આબરૂ, કીર્તિ અને કાંતિને નિસ્તેજ બનાવે છે પણ આ કોણ સમજી શકે? કામવિકાર એ જીવનનો મહાન શત્રુ છે.

ભય અને લજ્જાને તજી રાણીએ પ્રપંચની જાળ

બીછાવવી શરૂ કરીને દાસીને આજ્ઞા કરી કે,

"દાસી! પાલકુમાર પાસે જા! એકાંત શોધી વાત કરજે કે, તારી અપરમાતાને સર્પે ડંખ માર્યો છે, માટે તમે આવી જલ્દી ઉપચાર કરો!" દાસી હુકમને વશ થઇ પાલકુમાર પાસે ગઈ.

"પાલકુમાર! આપની અપરમાતાને સર્પે ડંખ માર્યો છે માટે જલ્દિ પધારો અને ઉપચારને હાથ ધરો!" મોઢું ઢાવકું રાખી ચાલાકીપૂર્વક દાસીએ જણાવ્યું, કુમાર સાંભળતાં જ માતા પાસે દોડી આવ્યો અને અવનત મસ્તકે માતાજીને કહ્યું કે,

"માતાજી! આ ઔષધિનું પાન કરો!"

"મને ઔષધિની જરૂર નથી પણ..."

"પણ શું જે હોય તે કહો! પાલ તું મને છેહ તો નહિ દેને? માતાજી! આ શું બોલો છો? માતાજી સાથે છેહની રમત રમાય? અને રમે તો પુત્ર કહેવાય કેમ? માટે જે હોય તે કહો!"

"પાલકુમાર! મને તારા આલિંગનની ભૂખ છે."

"માતાજી! દુષ્ટવાસના આવી ક્યાંથી?" એમ બોલવાની સાથે રાણીના હૃદયને કળી જઇ એકદમ બારીએથી બહાર પડતું મૂક્યું.

રાણી સમજી ગઇ કે, બાજી હાથમાંથી ગઇ, વીલખી પડી ગઇ, મોઢું ફીક્કું પડી ગયું, શોક અને વિશાદની રેખાઓ મુખપર પડવા લાગી. હવે મારૂં શું થશે? રાણી દુઃખ અને શોકની લાગણી પૂર્વક દિવસો વ્યતિત કરે છે.

આ બાજુ મહારાજાને શહેરમાં પ્રવેશ કરવાનો સમય આવી પુગ્યો છે, મહારાજા પુત્રો સહિત બડી ધામધૂમથી પ્રવેશ કરે છે. સૌનાં હૃદય પુલકિત છે, કેવળ મહાલક્ષ્મી રાણી દુઃખનો અનુભવ કરી રહી છે.

રાજા સૌની ખબર અંતર પૂછે છે, ત્યારબાદ અંતઃપુરમાં પ્રવેશ કરે છે અને મહાલક્ષ્મીને વિષમ પરિસ્થિતિમાં જુએ છે. રાણીનું હૃદય શોકથી ભરાઇ આવ્યું છે, આંખો અશ્રુથી ભીની થયેલી છે, અંગોપાંગમાં ભયની ગરમી પ્રસરી રહી છે. બેબાકળી હાલતમાં પડેલી રાણીને પ્રશ્ન કર્યો કે,

"મારા આવવાથી સૌને આજે આનંદ છે ત્યારે તારે શોક કરવાનું શું કારણ?" કપટભાવે રાણીએ ઉત્તર આપ્યો કે,

"કંઇ કહેવામાં સાર નથી."

"સાર હોય કે ન હોય પણ સ્વામી પાસે કંઈ છૂપાવવાનું ન હોય!"

"પણ મને કહેતાં લજ્જા આવે છે."

"લજ્જાને હમણાં કોરાણે મૂકો."

"સ્વામીનાથ! આપ આગ્રહ કરો છો પણ કહેવાને મારૂં મન કબૂલ કરતું નથી."

"કબુલ કરે કે ન કરે પણ આજ તારે કીધા વિના છૂટકો નથી." રાણીએ વિચાર્યું કે, રાજા હવે મારૂં ધાર્યું પરિણામ લાવશે. એથી રાણીએ ગદ્દગદ્દ કંઠે કહ્યું કે,

"તમારા સુરસુંદરીના પુત્રે મારી છેડતી કરી છે."

"આ શું બોલે છે?"

"સાચું કહું છું."

"સાચું પણ માન્યામાં આવે તેવું નથી કારણકે ચારિત્ર માટે અશ્રદ્ધાની જરાપણ ગંધ મારા પુત્રો ઉપર આવે તેમ નથી."

"ગંધ આવે કે ન આવે પણ જે બન્યું હતું તે કહ્યું."

"તારૂં કહેવું મને અસત્ય લાગે છે."

"અસત્ય લાગતું હોય તો પછી સર્યું!"

"રાણી મારો પુત્ર પાલ, સાગર મર્યાદા મૂકે પણ પાલ પોતાની મર્યાદા ન ચૂકે!" આટલો વાર્તાલાપ થયા પછી મહારાજા સમય થવાથી રાજસભા ભણી ચાલી નીકળ્યા.

રાણી તો હતાશ બની ગઇ. કામાગ્નિની તૃપ્તિ પણ ન થઇ અને ઉપરથી રાજાની અપમાનિત બની. જાળમાં ફસાવવાની અને રાજાને અવળું સમજાવવામાં હું હારી ગઈ. મારૂં જીવતર ધૂળધાણી થયું હવે તો જીવવા કરતાં મરવું બહેતર સારૂં છે. આ વિચારમાં ને વિચારમાં રાણી અંતઃપુરથી વનમાં જવા ચાલી નીકળી અને આત્મહત્યાના આરે આવી ઉભી રહી.

રાજાને આ વાત રાજસભામાં મળી. તુર્તજ રાજસભાને છોડી રાણી મહાલક્ષ્મી પાસે આવ્યો, રાજાએ પૂછ્યું કે,

"અહીં કેમ આવી છે?" રાણીએ પ્રપંચની જાળ બીછાવવા માંડી અને બોલી કે,

"હું મારૂં નિર્ધારિત કરવા આવી છું."

"તેં શું નિર્ધારિત કર્યું છે?"

"બસ, હવે જીવવા કરતાં મૃત્યુને ભેટવું એ વધુ હિતાવહ છે."

"એટલે શું તું અગ્નિમાં પ્રવેશ કે આપઘાત કરવા માગે છે?"

"હા, હવે મારો છેલ્લો ઉપાય તેજ છે."

"રાણી! તેમ કરવાથી કાંઇ સરતું નથી. આત્મહત્યા કરવાથી પરલોક દુઃખી હશે. નિર્બળતા અને નિર્માલ્યતાનું આત્મહત્યા એ પ્રતિક છે. તું તારા વિચારને ફેરવ અને પાછી અંતઃપુરમાં પ્રવેશ કર!"

"એમ હું પાછી ન ફરૂં."

"ત્યારે તારી શું ઇચ્છા છે?"

"મારી ઇચ્છાને આપ માન નહિ આપી શકો!"

"તારા માટે સર્વસ્વ છે,"

"સર્વસ્વ હોવા છતાં આ કામ ઘણું કપરૂં છે."

"પણ રાજા, મહારાજાઓને કંઇ અસાધ્ય હોતુંનથી"

"અસાધ્ય નહિ હોવા છતાં આ કામ માટે તમારૂં હૃદય કામ નહિ કરે."

"કરશે કે નહિ કરે તે તેં શાથી જાણ્યું?"

રાણીએ રાજાના મનને કસોટીના એરણ પર ચડાવી જોયું કે હવે વાંધો નથી. ત્યારે રાણીએ કહ્યું કે,

"સ્વામિ! આપનું વચન હોય તો કહું."

"વચનજ છે, કહેને!"

"પાછા તો નહિ પડોને?"

"ના, ના,"

"ત્યારે તમારા બન્ને પુત્રોનાં મસ્તક ધડથી જુદાં કરાવી મને સોંપો!"

રાજાને સાંભળતાંજ આંચકો આવ્યો, પણ શું થાય? વચન આપી ચૂકયો હતો; તેમજ રાણીમાં આસક્ત હતો. સ્ત્રીઓ શું કરે છે, કેવી ક્રૂર અને અધમવૃત્તિવાળી હોય છે. ભલભલા ચાણકયબુદ્ધિવાળા અને વીરપુરૂષોને પણ પટકયા છે.

રાજાએ તો ઇચ્છાએ કે અનિચ્છાએ મંત્રીશ્વરને કહ્યું કે,

"મંત્રીશ્વર! એક આફત આવી છે."

"મહારાજા! એવી વળી આફત શું છે?",

"એક કારમા કૃત્ય માટે આપને આદેશ કરવો પડે છે."

"જે હોય તે કહો!"

"પાલ–ગોપાલનાં મસ્તક કપાવી મારી પાસે હાજર કરો!"

"આ શું બોલો છો? આપના રાજપુત્રોનાં..."

"હા,"

મહારાજા! એ અવિચારી પગલું લાગે છે. પાછળથી પશ્ચાતાપના ડુંગરા ખડા થશે.

"ગમે તેમ થાય પણ હું કહું છું તેનો અમલ કરાવો!

"પણ કાંઇ પાલ–ગોપાલનો ગૂન્હો?"

"ગૂન્હાનું નિદાન કરવાનો અવકાશ નથી."

"પાલ–ગોપાલ જેવા રાજપુત્રો કે જે અન્યાય, અનીતિ અને અપરાધના માર્ગમાં આડે પણ ઉતર્યા નથી તેઓ ઉપર આ જાતનો જુલ્મ ગુજારવો એ યોગ્ય નથી." આ રીતે રાજાને સમજાવવા છતાં રાજા એકનો બે ન થયો. મંત્રીશ્વર દુઃભાતા અને દુઃખાતા હૃદયે રાજપુત્ર પાસે ગયો.

રાજાનો આદેશ સંભળાવતાં કહ્યું કે,

"મહારાજા આપના બન્નેનાં મસ્તક માગે છે." શા માટે માગે છે અને અમારો શું ગુન્હો? તે કાંઇપણ પૂછ્યા સિવાય રાજપુત્રોએ કહ્યું કે, "જેવી પિતૃ-આજ્ઞા!"

રાજકુમારો જેવા તલવાર લઈ ધડથી મસ્તક જુદું કરવા જાય છે ત્યાં મંત્રીશ્વર બોલ્યા કે,

"થોભો! જીવતા નર સો ભદ્રા પામે માટે તમે બન્ને રાજકુમારો અહીંથી પરદેશભણી ચાલ્યા જાઓ!"

"પણ તમે મહારાજાને શું જવાબ આપશો?"

"એ હું જવાબ આપીશ, તમે તમારૂં જીવિત બચાવો!" મંત્રીશ્વરના કહેવાથી પરદેશભણી પ્રસ્થાન કર્યું.

મંત્રીશ્વરે રાજકુમાર જેવાં બે મસ્તક માટીનાં તૈયાર કરાવી તેના ઉપર કુમારના વર્ણ સરીખો રંગ લગાવી, લોહીથી તરબોળ બનાવી સાંજે રાજસભામાં બનાવટી મસ્તકો હાજર કર્યાં, રાજાને તો લાગ્યું કે, મારા પુત્રો યમધામમાં પહોંચી ગયા. ગમે તેવો પિતા

# શ્રી જંબૂકુમારની આઠ પત્નીઓ: પૂ. આચાર્યદેવશ્રી વિજયરામચંદ્રસૂરીશ્વરજી મહારાજ

પરણ્યા પહેલાં માત્ર સગપણ જ થયું હોય તોય કુલીન સ્ત્રીઓએ કેવી પતિભક્તિ દર્શાવી છે તેને દર્શાવનારાં દૃષ્ટાન્તોની પણ ભગવાન શ્રી જિનેશ્વરદેવોના આ શાસનમાં કમીના નથી જ. શ્રી શાલિભદ્રજી વગેરેને ધર્મપત્નીઓ આડે ન આવી. એમ ન કહ્યું કે-'પતિએ અમારી આજ્ઞા વિના દીક્ષા કેમ લીધી ?' એ તો પરણેલી હતી, પણ માત્ર સગપણ જ કર્યું હોય તોપણ શું ? શ્રી જમ્બૂકુમારનો પ્રસંગ જાણો છો ? એ પ્રસંગમાંથી પણ ઘણી સુંદર પ્રેરણા મળી શકે તેવું છે.

એક વાર શ્રી જમ્બૂ કુમાર, વર્ત્તમાન શાસનના નાયક, ચરમ તીર્થપતિ ભગવાન શ્રી મહાવીરપરમાત્માના ગણધરદેવ શ્રી સુધર્માસ્વામીજીને વન્દન કરવાને ગયા છે. અને ત્યાં તે તારકના મુખકમળથી સુધામય ધર્મદેશનાને સાંભળતા શ્રી જમ્બૂકુમારના હૃદયમાં ભવવૈરાગ્ય ઉત્પન્ન થયો.

અભાગીયાઓને માટે તો આમ થવું એ અતિ દુર્લભ છે, પણ પુણ્યવાનને માટે આશ્ચર્ય રૂપ છે.

ભવવૈરાગ્ય પેદા થવાના યોગે, શ્રી જમ્બૂકુમારે શ્રી સુધર્માસ્વામીજીને વિજ્ઞપ્તિ કરી કે-' ભવબંધનને છેદનારી પરિવ્રજ્યા હું આપની પાસે ગ્રહણ કરીશ, માટે જ્યાંસુધીમાં હું મારાં માતા-પિતાને પૂછીને પાછો આવું, ત્યાંસુધી હે ભગવાન્ ! આપ અહીં જ સ્થિરતા કરવાની કૃપા કરો.'

સ્થિરતા કરવાનું શ્રી સુધર્માસ્વામીજીએ સ્વીકાર્યું, એટલે શ્રી જમ્બૂકુમાર નગર તરફ આવવા નીકળ્યા. આ તરફ એવું બન્યું છે કે-બીજા રાજ્યથી ભય ઉત્પન્ન થયો છે, એટલે દરવાજામાં પેસાય તેમ રહ્યું નથી. એક દરવાજે તેવું દેખ્યું એટલે શ્રી જમ્બૂકુમાર બીજે દરવાજે ગયા, તો ત્યાં પણ કીલ્લા ઉપર યન્ત્ર ગોઠવેલું જોયું તથા એક લાંબી મહાશિલાને ગોઠવેલી જોઈ.

શ્રી જમ્બૂ કુમારે વિચાર્યું કે-' આ રસ્તે જતાં જો મારા ઉપર શિલા પડી તો હું, રથ, ઘોડા કે સારથી કોઇ જીવતા રહેવાના નથી. રથ ભાંગશે અને અમે મરશું. જો આ રીતિએ મારૂં મૃત્યુ થાય અને એથી હું અવિરતિવાળી હાલતમાં મરૂં તો મારી દુર્ગતિ થાય, માટે તેમ ન થાઓ !'

આવો વિચાર કરીને, શ્રી જમ્બૂ કુમારે રથને પાછો લેવરાવ્યો અને શ્રી સુધર્માસ્વામીની પાસે જઇને તેમણે યાવજ્જીવને માટે બ્રહ્મચર્યનો નિયમ ગ્રહણ કર્યો.

આ પછી ત્યાંથી પાછા ફરીને ઘેર આવ્યા અને ઘેર આવીને શ્રી જમ્બૂ કુમારે પોતાનાં માત-પિતાને બધી વાત કરી અને દીક્ષાની રજા માગી. માતા-પિતા પહેલાં તો રડવા લાગ્યાં, પણ શ્રી જમ્બૂ કુમાર જ્યારે જરાય ડગ્યા નહિ, ત્યારે તેમણે એક માગણી કરી કે, જે આઠ કન્યાઓની સાથે તારૂં સગપણ કરેલું છે, તેમની સાથે પાણિગ્રહણ કરીને તેમના વિવાહકૌતુકને પૂરૂં કર અને તે પછી જોઇએ તો તું બીજી સવારે જ દીક્ષા લેજે. તારી સાથે અમે પણ દીક્ષા લઈશું.'

શ્રી જમ્બૂ કુમારે જોયું કે-' તેમ કરવામાં લાભ છે. માતા-પિતાનો પણ ઉદ્ધાર થશે.' આથી કહ્યું કે-' આપની આટલી આજ્ઞા પૂર્ણ થાય, એટલે

---

હોય પણ પુત્રના મરણથી દુઃખ થયા વિના રહે નહિ. પશ્ચાતાપ થવા લાગ્યો, હૃદય દુઃખિત બન્યું.

ભેદ ખુલ્લી ન જાય એટલા માટે મંત્રીશ્વરે સમયસૂચકતા વાપરી પેલાં બનાવટી મસ્તકો ફેંકાવી દીધાં મસ્તકોને જોઇ મહાલક્ષ્મી રાણી તો હર્ષના આવેગમાં આવી ગઈ પણ સુરસુંદરી તો હૃદયફાટ રડવા લાગી. આવું કૃત્ય કોને કરાવ્યું ? એમ મનમાં ચિંતવવા લાગી પણ મંત્રીશ્વરે ખાનગી રીતે રાણીને કહ્યું કે, તમો ગભરાશો નહિ બધાં સારાંવાનાં થશે. પુત્રો જીવતા છે સુરસુંદરીનો શ્વાસ નીચે બેઠો. [ પાલ-ગોપાલ વનમાં ગયા છે ત્યાંસુધી વાર્તા આવી છે, વિશેષ માટે આગામી અંક વાંચો. ]

ભૂખ્યાને ભોજનથી નિવારાય નહિ-તેમ, મને પણ આપનાથી નિવારાશે નહિ !'

શ્રી જમ્બૂ કુમારનાં માતા–પિતાએ એ વાત કબૂલ કરી. તે પછી શ્રી જમ્બૂકુમારની સાથે પરણનારી આઠ કન્યાઓના પિતાઓને શ્રી જમ્બૂ કુમારનાં માતા-પિતાએ કહી દીધું કે–' અમારો દીકરો જમ્બૂ તમારી કન્યાઓની સાથે વિવાહ થતાંની સાથે જ દીક્ષા લેશે. એ તો વિવાહ કરવાને ય રાજી નથી, પણ અમારા ઉપરોધથી કરશે. હવે જો તમારે પાછળથી પશ્ચાતાપનું પાપ કરવું હોય, તો બહેતર છે કે–તમે વિવાહ ન કરો, પણ પાછળથી અમને દોષ દેતા નહિ '

શ્રી જમ્બૂ કુમારનાં માતા–પિતાએ તો એમ કહી દીધું, પણ આ લોકોને તો મુંઝવણ થાય ને ? પછી એ આઠેય શેઠીયાઓ પોતપોતાની પત્નીઓની સાથે તથા બંધુઓની સાથે મળીને ' હવે કેમ કરવું ? '–તેનો વિચાર કરવાને બેસે છે અને દુઃખિત બન્યા થકા વાર્તાલાપ કરે છે.

તેઓ જે વાર્તાલાપ કરી રહ્યા છે, તે સાંભળીને તે આઠ શેઠીયાઓની પુત્રીઓ કહે છે કે–

' હવે પર્યાલોચન કરવાનું બંધ કરો અને હે પૂજ્યો ! અમારા નિર્ણયને સાંભળો ! ,–આવો સ્પષ્ટ ભાવ વ્યક્ત કર્યા પછીથી, તે આઠ કન્યાઓએ પોતાનો જે નિર્ણય જાહેર કર્યો છે, તે પણ મનન કરવા જેવો છે! એના ઉપરથી ખ્યાલ આવશે કે–વાગ્દાનથી વરી ચૂકેલી અગર વાગ્દાન દ્વારા દેવાઇ ચૂકેલી કન્યાઓ પણ જો આર્યભાવનાવાળી હોય છે, તો પતિના સન્માર્ગગમન પ્રસંગે શું બોલે છે અને શું કરે છે.

શ્રી જમ્બૂ કુમારને માત્ર વાગ્દાનથી દેવાઈ ચૂકેલી આઠ કન્યાઓએ પોતાનો જે નિર્ણય સંભળાવ્યો છે, તે જોતાં એમ લાગે છે કે–તે કન્યાઓનાં માતા–પિતા તથા બીજાં સ્વજનો એવા વિચાર કરતાં હશે કે–' આપણી દીકરીઓને આપણે વાગ્દાનથી દીધી છે, પણ હજુ જમ્બૂ કુમારની સાથે તેમનો ઉદ્વાહ થયો નથી. એટલે જો જમ્બૂ કુમાર દીક્ષા લેતા જ હોય, તો આપણે આપણી કુમારિકાઓને માટે બીજો જ વિચાર કરીએ, ' જો કે–આ જાતિના નિર્ણય ઉપર તે માતા–પિતાદિ આવ્યાં નથી, હજુ તો અંદર અંદર વાટાઘાટ ચાલે છે, તેમ કરવું તે યોગ્ય છે કે નહિ–તેનો વિચાર ચાલે છે, પણ આ પ્રકારની વાતચીત થતી સાંભળતાની સાથે જ આઠેય કુમારિકાઓ કંપી ઉઠે છે. તે કુમારીકાઓને એમ થાય છે કે–' અમારે માટે અને આવો વિચાર ? ' કુમારિકાઓએ પોતાનો જે નિર્ણય સંભળાવ્યો છે, તે નિર્ણયને જો ઉંડાણથી વિચારવામાં આવે, તો આવી સ્થિતિ બની જ હોવી જોઇએ, એવું ખ્યાલમાં આવ્યા વિના રહે નહિ.

કુમારિકાઓને, તેમનાં માતા–પિતાદિ જે વાત કરી રહ્યાં છે, તે સાંભળતાં એમ થાય છે કે–'માતાપિતાદિ આપણા પ્રત્યેના મોહને આધીન થઇને કુલીનતાના વાસ્તવિક માર્ગને ચૂકી રહ્યાં છે !' અને એથી જ તે આઠેય કુમારિકાઓ, વિના પૂછયે જ એમ બોલી ઉઠે છે કે, " હે પૂજ્યો ! આ બધી વિચારણાને છોડી દ્યો ! આવા પ્રકારના પર્યાલોચનથી સર્યું ! અમારો જે નિર્ણય છે તેને સાંભળી લો ! "

આમ કહ્યા બાદ, પોતાના નિર્ણયને જણાવતાં તે કુમારિકાઓ સૌથી પહેલી વાત તો એજ કહે છે કે, "અમે જમ્બૂકુમારને અપાઇ ચૂકી છીએ એટલે તે જ અમારા સ્વામી છે. માટે હવે બીજાને અમે દેવા યોગ્ય નથી." અર્થાત્ ભલે પાણિગ્રહણ નથી થયું, પણ વાગ્દાનથી તો અમે જમ્બૂ કુમારને અપાઈ જ ચૂકી છીએ, એટલે અમારા પતિ તો તે જ જમ્બૂકુમાર છે, માટે અમને બીજાને દેવી નહિ !

આ પ્રમાણેના પોતાના મક્કમ નિર્ણયને સંભળાવી દીધા બાદ; તે આઠેય કુમારિકાઓ પોતાનાં માતા–પિતાદિને જાણે સન્માર્ગનો ખ્યાલ આપતી હોય તેમ કહે છે કે, " લોકમાં પણ એમ કહેવાય છે કે, રાજાઓ એકવાર બોલે છે, સાધુઓ એક વાર બોલે છે અને કન્યાઓ એક વાર અપાય છે : આ ત્રણ એક એક વાર બને છે. " અર્થાત્ જેમ રાજાઓ બોલ્યા તે બોલ્યા; પછી બોલેલું ફેરવતા નથી, અને સાધુઓ પણ બોલ્યા તે બોલ્યા; પછી બોલેલું ફેરવતા નથી, તેમ કન્યાઓ પણ એક વાર અપાઈ તે અપાઈ; પછી ફરીથી અપાતી નથી. આવું તો લોકમાં પણ કહેવાય છે : એટલે કે જ્યારે લોકમાં પણ આવી માન્યતા હોય, તો આપણે તો લોકોત્તર માર્ગને અનુ-

સરનારા કહેવાઇએ, એટલે આપણામાં તો લોક કરતાં ઉંચી જ સ્થિતિ હોય. લોક પણ જો એક વાર દેવાએલી કન્યાને બીજી વાર ન દેવાય એમ માને છે, તો લોકોત્તર માર્ગના અનુયાયી થઇને આપ અમને એક વાર દેવાએલી કન્યાને બીજે સ્થળે દેવાનો વિચાર કેમ કરો છો ?

અવસરે આર્યકન્યાઓ, કે જે લોકોત્તર માર્ગની વિશિષ્ટતાને પામેલી હોય, તે પોતાનાં માતા-પિતાદિને પણ કેવા ભાવની વસ્તુઓ કહી શકે છે તે જુઓ !

તે આઠ કન્યાઓએ તો પોતાનાં માતા-પિતાદિને લોકનીતિનો ખ્યાલ આપ્યા બાદ અને એ દ્વારા લોકોત્તર માર્ગના અનુયાયી તરીકે કેમ વર્તવું જોઇએ તેનું ગર્ભિત સૂચન કર્યા બાદ પણ, એ જ કહ્યું છે કે– "આપ પૂજ્યોએ અમને જમ્બૂકુમારને આપેલી છે, તે કારણથી તે જમ્બૂકુમાર જ અમારી ગતિ છે, અમે તો તેમના વશ જીવનારીઓ છીએ."

આ પછી છેલ્લે છેલ્લે તો તે કુમારિકાઓ કમાલ કરે છે! પતિભકતા સ્ત્રીઓના કર્તવ્યનો સુન્દરમાં સુન્દર ખ્યાલ તેઓ રજુ કરી દે છે! એ કન્યાઓ કહે છે કે, અમારા સ્વામી જમ્બૂકુમાર દીક્ષા લે અગર તો બીજું પણ જે કાંઇ કરે, તે અમારે પણ કરવું એ જ પતિભક્તા એવી અમારે માટે યોગ્ય છે." એમ કહેવા માગે છે કે, પતિ દીક્ષા લે તો દીક્ષા લેવી અને પતિ બીજું કરે તો તે કરવું એ જ પતિભક્તા તરીકે અમારો ધર્મ છે; માટે જમ્બૂકુમાર દીક્ષા લેવાના છે, એવું જાણીને તમે બીજો કોઇ વિચાર કરો નહિ !

જૈનકુળમાં જન્મેલી કન્યાઓની અને જૈનપત્નીઓની કયી મનોદશા હોય, તેનો આ પ્રસંગ ઉપરથી ઘણો સુંદર ખ્યાલ આવી શકે તેમ છે. જ્યાં આ ભાવના હોય, ત્યાં પત્નીઓ એમ કહે ખરી કે, 'મારા પતિએ મારી આજ્ઞા વિના દીક્ષા કેમ લીધી ?' આજે સુસંસ્કારો નષ્ટપ્રાયઃ થતા જાય છે અને કુસંસ્કારોનું બલ વધતું જાય છે. પોતાને લોકોત્તર માર્ગના અનુયાયી તરીકે ઓળખાવનારાઓ, લૌકિક ઉચ્ચતાથી પણ પરવારી બેસે, એ શું ઓછું શોચનીય છે ? પત્ની એટલે પતિની સહચારિણી, પણ તે સેવિકાભાવે ! આ આર્યભાવના !! પણ આજે તો આર્યભાવનાઓ નષ્ટ થતી જાય છે અને અનાર્યભાવનાઓ પોતાનું સામ્રાજ્ય જમાવી રહી છે. તેમાંથી જે જેટલું બચશે, તેનું તેટલું કલ્યાણ થશે. આર્યપત્ની પતિના કલ્યાણમાં જ રાજી હોય. પતિના કલ્યાણને માટે પોતાના સ્વાર્થનો ભોગ દેવો પડે તેમ હોય, તો આર્યપત્ની તેથી નાખૂશ ન થાય પણ આનંદ પામે ! 'પતિ કલ્યાણમાર્ગે સંચરશે તો પોતે ભોગસુખથી વંચિત રહેશે, માટે પતિને કલ્યાણમાર્ગે જતાં રોકવો' આવી અધમ ભાવના સાચી આર્યપત્નીમાં ન આવે તો પછી જૈનપત્નીમાં તો આવેજ શાની ? પાછળ જીવનનિર્વાહનું પૂરતું સાધન ન હોય, પણ પોતાનો પતિ જો કલ્યાણમાર્ગે જતો હોય, તો જૈનપત્ની એવુંજ કહે કે, 'આપ એ માટે બેફીકર રહો. મજુરી કરીને પેટ ભરીશ પણ આપણું કુળ લાજે તેવું કાંઇ જ નહિ કરું ! હું પાપી છું કે આપની જેમ મારાથી સંયમના પવિત્ર માર્ગે ચાલી શકાતું નથી. આપ ખૂશીથી આપનું કલ્યાણ સાધો અને આ ભવમાં કે બીજા ભવમાં કોઇ તેવો પ્રસંગ આવી લાગે તો આ દાસીના આત્માને તારવાનું ચૂકશો નહિ ! જૈનપત્નીના મુખમાં આવા શબ્દો શોભે કે 'મારો ધણી મારી આજ્ઞા વિના દીક્ષા કેમ લે ?' એ વિગેરે શબ્દો શોભે ?


# શ્રી જૈન વિદ્યાર્થી ગ્રંથમાળા

**પ્રથમ શ્રેણી**

દસ ચોપડી છૂટી રૂા. ૧–૧૨–૦

દસ ચોપડી ભેગી રૂા. ૨– ૦–૦

**શાહ ઉમેદચંદ રાયચંદ**

**ગારીઆધાર** : (વાયા–દામનગર)

# માતાનાં ધાવણ છોડી આયાના ઉછેરપર જીવનારાં

શ્રી વિનોદી

આપણી રહેણી–કરણીની ઢબ, બોલવા–ચાલવાની લઢણ, હસ્તધૂનન, ખાણાના જલસા, પહેરવેશ, ઘરની બાંધણી. શિષ્ટાચાર, સાધન સામગ્રી, રાચ–રચીલું, એ બધું જ અંગ્રેજીછાપનું કેવળ નખશીખ શુદ્ધ ખાદીધારી પણ વિલાયતી વેતરણનાં અને વિલાયતી ઢબનાં કોટ, પાટલુન અને ટોપસ પહેરનારા હોય છે. ખાવાપીવાની ઢબ, ખાવાપીવાનાં પાત્રો, એ બધું પણ વિદેશી છાપવાળું એટલું જ નહિ પણ વિચારનું વાહન પણ વિલાયતી, અંગ્રેજીભાષા વિના વિચાર પ્રદર્શિત કરવાની પણ ભારે મારામારી, આજે મહાસભામાં હિંદીભાષાને મહત્વ આપવાની વાતો થાય છે. સુરતની જિલ્લા સ્કૂલબોર્ડમાં તો તમામ કાર્યવાહી અને લખાણ ગુજરાતીમાં જ કરવાનું ફરમાન થઇ ચૂકયું છે. ત્યારે આપણા ઘરમાં, કચેરીઓમાં, વ્યવહારમાં, વાતચીતમાં, અંગ્રેજી વિના ચાલતું નથી. તળપદું ગુજરાતી બોલવામાં પણ ભાગ્યે જ કોઈ વાકય અંગ્રેજી વિના જતું હશે. કેમ જાણે વિલાયતમાં જન્મીને હમણાં જ હિંદને આરે ઉતર્યા હોય! કાંતો માતૃભાષા આવડતી ન હોય, કે કાંતો એના પ્રત્યે સુગ હોય કે કાંતો માતૃભાષામાં સ્પષ્ટ ભાવયુક્ત વિચારો પ્રદર્શિત કરવાની અનઆવડત હોય તેમ વાતચીતમાં બસ અંગ્રેજી જ અંગ્રેજી! વાકયનો ભાવ સાચા સ્વરૂપમાં રજુ કરવા અંગ્રેજીની જ મેખ મારવી પડે છે. કેમ જાણે માતૃભાષામાં શબ્દોનો તોટો હોય? શબ્દદ્વારા શક્તિ બતાવવા માટે અંગ્રેજી જ જોઇએ એ માન્યતા થઇ ગઈ છે. આજે વાતવાતમાં પણ ખીચડીઆ અંગ્રેજી જ વપરાય છે. "મારા **ફાધર**નો **લેટર** આવ્યો હતો." "**સનડે**ને દિવસે હું પોંક ખાવા ગયો હતો." "**વાઇફ** આજે **એમ. સી.** માં છે એટલે મારે જ રસોઈ કરવાની હોવાથી **બ્રેઈન** પર **બર્ડન** બહુ છે." "એતો મારો **સન** છે, પણ સાલો બડો આઝાદ છે. કેટલીકવાર તો એવું **ફાઇન** બોલે છે કે બસ પૂછો નહિ."

"હું અને **વાઇફ** સાંજે મંદિરે કાપડ લેવા ગયાં હતાં. ત્યાંથી **ગાર્ડન** તરફ ગયાં એટલે જરા **લેઈટ** થયું, **મધરે** **વાઇફ**ની એવા ટોનથી ટીકા કરી કે **વાઇફ**ના **બ્રેઈન** પર ભારે અસર થઈ ગઈ!"

"કાલે મા અને **ડોકટર** **બોમ્બે** જાય છે," ડોકટર તમે ગમે તેમ કહો પણ **વાઇફ**ને ચાર દિવસથી **ફીવરડાઉન** થતો જ નથી, અને ખાધેલું નીકળી જાય છે."

"કાલે **નાઈન ડાઉન**માં હું **બોમ્બે**થી આવ્યો." "મગનભાઈ! તમે તો જ્યારે જોઇએ ત્યારે બહુ **બીઝી** જ હો છો." "તમારૂં **બ્રેઇન** બહુકામ કરે છો હો!" "આહ! આઝાદે કેટલું **ફાઇન** સુણાવી દીધું!" "બાપુજીના લેખ તો **વેરી એક્ષેલેન્ટ** હો! કેવું પડે." "મોરારજીભાઈ **મિનિસ્ટર** થયા તોપણ આપણી સાથે **ફ્રેંકલી** વાતો કરે છે." આવું આવું હરતાં ફરતાં સંભળાય.

"**સોરી** અને **થેંકયુ** શબ્દ તો આબાલવૃદ્ધ સૌ નરનારીઓના 'મોં' ના પાન જેવા થઈ ગયા છે."

અંગ્રેજીના મોહમાં આપણે આપણી માતૃભાષાનું બળ અને ગૌરવ ઘટાડયાં છે. હજુપણ જો આપણી ભાષાનું ખેડાણ નહિ કરીએ તો

તેનું સમૃદ્ધપણું મટી જઇ એ મરૂભૂમિ જેવી નિરૂપયોગી થઇ જશે.

ઘણા તો વાતવાતમાં "એને ગુજરાતીમાં શું કહે છે જો" એમ કહી શબ્દ યાદ કરે છે અને ભાષાનું દારિદ્ર ઉઘાડું કરે છે.

પોતાના વિચારનું વાહન જ અંગ્રેજીદ્વારા થઇ રહ્યું છે, એટલે કે કેવળ અંતર બહિર સ્વદેશી માણસ એ અંગ્રેજીભાષાની સમૃદ્ધિ માટે ગૌરવ લેનારા સ્વાંગધારી સ્વદેશીબંધુઓ સામે બાઘા જેવો જોયા કરે છે. વિચારની આપલે કરવામાં અંગ્રેજીભાષા વિહોણો માણસ નિરૂપયોગી જેવો થઈ પડે છે. અંગ્રેજી જાણુનારને જ કેમ જાણે ભારતભૂમિ પોતાનો ગણવાની હોય. બુદ્ધિ, શક્તિ, આવડત, ચતુરાઈ, ચાલાકી, એવું બધું ઘણું ઘણું માણસ પાસે હોય પણ જો અંગ્રેજી બોલતાં, વાંચતાં અને લખતાં ના આવડતું હોય તો એ બધા એકડા વિનાનાં મીંડાં જેવાં છે! અંગ્રેજીભાષાના જ્ઞાન વિના આ ભારતવર્ષના દેશપ્રેમી મનુષ્યની જીંદગી શુષ્ક અને અનાદરણીય છે! સમાજમાં, કચેરીમાં, વ્યવહારમાં જ્યાં જોશો ત્યાં જાણે આંગ્લપ્રદેશ! અંગ્રેજીભાષા વિહોણા મનુષ્યને તો એમ ન લાગે કે હું કોઈ બીજી દુનિયામાં વિચરૂં છું.

રાજભાષા જાણવી જોઇએ એટલા ખાતર ચાતો બીજી ભાષા તરીકે આપણે અંગ્રેજી ભણ્યા નથી પણ માતૃભાષાનું સ્થાન અંગ્રેજીભાષાને આપવા માટે જ આપણે અંગ્રેજી ભણ્યા છીએ, એવું જણાય છે. આપણે ગુજરાતી છીએ અને ગુર્જરીની ચતુર્વિધ ખીલવટ માટે આપણે ઉત્સુક છીએ, ગુર્જરીનું ધાવણ ધાવેલા છીએ એ વાત વિસારી મુકવામાં આવી છે અને સાચી માતાને છેહ દઇને આયાં ઉપર મોહ પ્રગટાવી તેના તરફ હરખભર્યા દોડી જઈ તેની ઉપાસનામાં અને તેના શરણમાં જઈ પડયા છીએ. આંગ્લભાષા વિહોણો માણસ આપણને 'બાપડો,' બિચારો, અણઘડ અને સોળમી સદીનો લાગે છે, પણ ખરૂં જોતાં આપણી પ્રાચીન સંસ્કૃતિ અને આપણા આર્યત્વનું ગૌરવ આછાં–પાતળાં પણ એણે જ સાચવી, સંગ્રહી રાખ્યાં છે. બાકી આપણે તો ગુજરાત, હિન્દ છોડીને અંતર–બહાર આંગ્લપ્રદેશવાસી જેવા બની ગયા છીએ અને વાનર નકલ કરી રાચી ઉઠ્યા છીએ.

અરે! આપણી રગેરગમાં અને લોહીના રજકણમાં આપણે વિલાયતીને સ્થાન આપ્યું છે, એટલું જ નહિ પણ આપણા બાગ–બગીચામાં પણ વિલાયતી વનસ્પતિ વાવીને રસકસ ઓછો કર્યો છે. પશુ પાલનમાં પણ વિલાયતી કુતરા પાળી તેની ગાડી–મોટરમાં ફરવા લઈ જવાનો મોહ પ્રગટાવ્યો છે. આપણામાં આર્યત્વ જેવું રહ્યું છે જ શું? ખેતીનાં સાધનો પણ વિલાયતી આવવા માંડયાં છે. બાળક ધાવણ છોડે ન છોડે ત્યાં તો તેને "પપ્પા" અને 'મમ્મી' 'થેંક્યુ' 'ગુડમોર્નીંગ' કહેતાં શીખવે છે.

અને બાળકને એ શબ્દો પોતાની બોબડી–તોતડી વાણીમાં બોલતો સાંભળી, એ મમ્મી, પપ્પાને રૂંવેરૂંવે હર્ષનાં ઝરણાં ફૂટે છે!

આપણો અંગ્રેજીનો આ મોહ શે છુટશે? આપણી પ્રાચીન સંસ્કાર સંસ્કૃતિનું પુનરાગમન કેવી રીતે થશે? આપણી ગુજરાતી ભાષામાં ઘણા અંગ્રેજી શબ્દો ગુજરાતી પોષાક પહેરીને દાખલ થઈ જઈ ઘર કરી બેઠા છે તે હવે માલિકી હક્કનો કબજો છોડે તેમ નથી. સંસ્કૃતની પેઠે માતૃભાષા પણ મટી પરવારી.




## તળાજા મૂર્તિ ખંડન પ્રકરણ:

૨૭: ૮:’૪૫ ની કાળી રાત્રીએ જૈનોની લાગણીને દુભાવનારૂં મૂર્તિ ખંડનનું દુષ્ટ કૃત્ય થયું હતું તે અંગે જૈન જનતામાં ખળભળાટ અને ઉહાપોહ ખૂબ પ્રગટયો હતો, ગામો ગામ, અને શહેરે શહેર અને દેશોદેશ અપમંગળના સમાચાર વાયુવેગે પ્રસરી ગયા હતા તાર–ટેલીફોન અને ટપાલ દ્વારા પોતાનું દુઃખ વ્યક્ત કર્યું હતું. કારમા કૃત્યનો કારી ઘા સૌ કોઇને સતાવતો હતો. ભાવનગર નામદાર ઠાકોર સાહેબને આને અંગે ઘટતું કરવા વિનવણીઓ થઇ ચુકી હતી. ઘટતું બધું કરવા આશ્વાસન અને દિલાસો પણ મળી ચૂક્યો હતો.

ઘટતી તપાસ થવા છતાં આઠ આઠ મહીના લગી ગૂન્હો કરનાર હાથ ન આવ્યો. છેવટે ગૂન્હાનો એકરાર કરનાર લાખા ભૂરા બહાર આવ્યો. શા માટે તોડી? કેવીરીતે તોડી અને કયારે તોડી વગેરે સવિસ્તર અહેવાલ ભાવનગરના અધિકારીઓ પાસે પોતે જ રજૂ કર્યો. કોર્ટે બચાવ કરવાની તક આપવા છતાં કંઇપણ બચાવ કર્યો નથી; એમ અખબારોના અહેવાલો આપણને કહે છે.

કોર્ટમાં કેસ ચાલતાં મૂર્તિ ખંડન અંગે ચાર વર્ષની સખ્ત કેદ પડી છે. અને આ રીતે તળાજા મૂર્તિખંડન પ્રકરણ સમેટાયું છે,

આ પ્રકરણમાંથી આપણે તો એક જ બોધપાઠ લેવાનો છે કે, આપણાં દેવ મંદિરોને સુરક્ષિત રાખવા કાજે આપણી નિર્બળતા, નિર્માલ્યતા અને ઉપેક્ષાભાવને ખંખેરી નાંખવો પડશે. નહિતર વર્તમાનની વિષમ પરિસ્થિતિમાં આપણો અમૂલ્ય વારસો ભયમાં કયારે મૂકાઇ જશે તેનું કંઈ કહી શકાય નહિ.

દેવમંદિરોમાંથી અનેક વસ્તુઓ ચોરાયાના દાખલાઓ તો આપણે ઘણી વખત વાંચીએ છીએ અને રીઢા બનતા જઇએ છીએ. સંઘના અગ્રગણ્યો અને દેવમંદિરોના ટ્રષ્ટીઓ અને વ્યવસ્થાપક મહાશયો ભાવિમાં આવા દુઃખદ પ્રકરણો ઉભાં ન થાય તેના માટે સખ્ત કાળજી રાખી અમૂલ્ય વારસાને સુરક્ષિત રાખશે એવી આપણે તો આશા જ રાખીએ.

## ખેતી અને યંત્રો:—

જો આપણે ઘણી ખરી બાબતોમાં અનુકરણ કરતા આવ્યા છીએ પણ તેનાથી ફાવટ કે પ્રગતિ સાધી હોય એમ આપણું અંતઃકરણ ના કબૂલ કરે છે બલ્કે આપણે તેનાથી ઘણું ઘણું ગૂમાવ્યું છે.

હિંદમાં સેંકડો વર્ષોથી હળ અને બળદો દ્વારા ખેડુતો ખેતી કરે છે. શકય પ્રયાસો અને પ્રયત્નોથી ભૂમિને રસકસવાળી રાખી. જોઇએ તેટલું અનાજ વગેરે ઉત્પન્ન કર્યું છે.

દેશી ઉદ્યોગોમાં જેમ ઘણી જગ્યાએ આજે યંત્રોએ સ્થાન લીધું છે; તેમ હવે ખેતરો ખેડવા માટે પણ પરદેશીય યંત્રો હિંદના બારામાં ઉતરી રહ્યાં છે. કૃત્રિમ ખાતર નાખી વધુ મેળવવાની આશા રાખવી એ પણ ખેતીપ્રધાન દેશને સરવાળે નુકશાન વેઠવા જેવું છે. શરૂઆતમાં થોડો લાભ જણાશે પણ એ લાભ બહુ નજીવો હશે ત્યારે નુકશાન ભારી હશે.

કૃત્રિમ ખાતરથી અને યંત્રોદ્વારા જમીનમાંથી દિવસે–દિવસે રસકસ ઓછો થશે અને તેમાંથી ઉત્પન્ન થતું અનાજ વગેરે સત્વવિનાનું અને પૌષ્ટિકતામાં ઉતરતું રહેશે.

બ્રિટન લેખકો પણ માને છે કે, “ઇંગ્લાંડમાં પાકને લાગુ પડતા રોગો વધી પડ્યા છે; તેનું કારણ

કૃત્રિમ ખાતરોજ છે. કૃત્રિમ ખાતરથી ખતરાયેલાં ખેતરમાં ઢોર ચરતાં નથી. ચરે છે તો અનેક રોગો ફાટી નીકળે છે."

આને માટે મેકકેરિસને જણાવ્યું છે કે "ઉકરડાના ખાતરથી ખતરાયેલી જમીનમાં પાકેલા ઘઉંની પૌષ્ટિકતા તેના કરતાં ૧૭ ટકા વધારે હોય છે."

લોર્ડ **નોર્થ બોર્ને** પોતાના 'લુક ટુ ધી લેન્ડ' નામના પુસ્તકમાં પણ ચેતવણી આપી છે કે, 'યંત્રીકરણથી જમીન એવી ચુસાઇ જાય છે કે, તેને પરિણામે ખેતીની જમીન પહેલાં કદી ન થયાં હોય તેવાં મોટાં મોટાં રસકસવિનાનાં રણનાં રણ બની જવાનો સંભવ ઉભો થાય છે અને એથી ખેતીના સાધનોનું યંત્રીકરણ આપણને ભૂલાવામાં નાખનારી ભયાનક જાળ જેવું થઈ પડે છે.

"ધાન્યને ખૂબ ઉગાડો" એ જાતની જાહેર ખબરો પાછળ યંત્રો ન ઘુસી જાય અને આપણું છે તે ન ગૂમાવી બેસીએ એના માટે ઘણાઓએ સલાહ આપી છે; હું પણ વણમાગી સલાહ આપી દોઢડાહ્યો બનું છે; પણ હકીકત સત્ય છે.

**સ્વરાજની માગણી;**

વર્ષોથી રાષ્ટ્રનાયકો સ્વરાજ્યની માગણી બ્રિટીશ સરકાર પાસે કરતા આવ્યા છે. ઘણી વખત હીલચાલ અને સત્યાગ્રહ આદર્યા છે પણ તે બધામાં નિષ્ફળતા આજ લગી મળી છે. તેનાં કારણો રાજકીય, સામાજીક અને ધાર્મિક દ્રષ્ટિએ ઘણાં છે.

હિંદમાં થોડા માસથી બ્રિટીશ મંત્રી મીશને રાષ્ટ્રીય સરકાર સ્થાપવા માટે હિંદના દેશનેતાઓ સાથે મહીનાઓ લગી વાટાઘાટો ચલાવી એક યોજના તૈયાર કરી બહાર મૂકી. તેમાં પણ અનેક વાંધા–વચકા પડયા અને વચગાળાની સરકાર યોજનાનો કોંગ્રેસે અસ્વીકાર કર્યો. ખરૂં કહીએ તો મહિનાઓની વાટાઘાટોનું અને દોડધામોનું પરિણામ શૂન્યમાં આવ્યું છે. મીશન પાછું બ્રીટન ભણી ઉપડી ગયું અને અહીં તો જે પરિસ્થિતિ હતી તે તો ચાલુને ચાલુ રહી.

સ્વરાજ મેળવવામાં પાછા પડવાનું કારણ તો એ છે કે, આપણે એક બાજુ હક્કોની માગણીઓ કરીએ છીએ અને બીજી બાજુ યુરોપનું અંધ અનુકરણ પરોક્ષ કે પ્રત્યક્ષ, જાણે કે અજાણે કરી રહ્યા છીએ. શુદ્ધ ખાદી પહેરતા હશે પણ તે ખાદીનો પહેરવેશ અંગ્રેજી ઢબથી સીવડાવેલો હશે. હિંદની માતૃભાષાને છેહ દઇ વાત વાતમાં અંગ્રેજી ભાષાનો ઉપયોગ થાય છે. આર્યોના રિતરિવાજોને ત્યજી પરદેશીય રિતરિવાજોને માન આપતા થયા છીએ. આર્યધર્મને ગૌણ બનાવી યુરોપની માફક રાષ્ટ્રધર્મને મહત્ત્વ આપ્યું છે. આપણી શુદ્ધ કેળવણીને ભૂલી જઇ વિકૃત કેળવણીને અપનાવી છે. ટુંકમાં આપણું જે સારૂં હતું તે ગૂમાવી વાનરની માફક નકલ કરતા શીખી ગયા અને એથી ધાર્મિક, સામાજીક અને રાજકિય બાબતોમાં બે મતભેદ ઉભા થયા અને બે મતભેદે અનેક મતભેદોને જન્મ આપ્યો. મતભેદોએ મનભેદનું સ્થાન લીધું અને સમાજનું ઐક્ય જોખમાયું.

આપણે આપણા દોષોને જોતા નથી પણ પારકાના દોષ જોવા આપણી આંખો ટેવાઈ ગઇ છે અને જ્યાંસુધી એમ બને ત્યાંસુધી સ્વરાજ તો શું પણ આપણું જે સહીસલામત છે તે પણ ગુમાવી અને બાવા જેવા બની જઇશું.

આર્યોની ભૂમિકા આત્મધર્મ ઉપર રચાઇ છે અને તે દ્રષ્ટિ સન્મુખ રાખી કોઇ પણ પગલાં ભરાય તે હિતાવહ છે બાકી તો લાભ લેવા જતાં નુકશાન હાથમાં આવશે,

ગાંધીજી આજે તો સ્વરાજનો ગમે તે અર્થ કરતા હોય, પણ સને ૧૯૧૭ ના ડિસેમ્બરમાં ગોધરામાં રાજકિય પરિષદના અધ્યક્ષસ્થાનેથી ગાંધીજીએ કહ્યું હતું કે, **આપણા લોક આપણને ગમતા નથી, આપણી ભાષા આપણને જોઇતી નથી, અપણો ધર્મ નહિ જોઇએ, આપણી સંસ્કૃતિ નથી જોઇતી, આપણો પહેરવેશ નથી જોઈતો, આપણા રિત રિવાજ નથી જોઈતા, આપણું એવું કંઈ જ નથી જોઇતું તો પછી સ્વરાજ શબ્દનો અર્થ શું એજ સમજાતું નથી.**

ગાંધીજીના શબ્દોનો હવાલો આપી હાલતો અમે ટુંકમાં એટલું જ કહેવા માગીએ છીએ.

## 'હાશ ! દુઃખમાંથી છૂટયા' શ્રી પ્રદીપ.

[ આજની દુનિયામાં મૂડીવાદી માનસ વધતું જાય છે. શ્રીમાનો વધે પણ શ્રીમંતાઇ–હૃદયની ઉદારતા જણાતી નથી. ભેગું કરવાની ખાતર દોડાદોડ કરનારા દરિદ્ર શ્રીમંતો આજે છેક દુઃખી અને કંગાલ જીવન જીવી રહ્યા છે. જેને લેવું છે પણ દેવું નથી આવા મૂડીવાદી શ્રીમન્તોને ધર્મ, સમાજ કે જાતભાઇને માટે કાંઇ પણ કરી છૂટવાની નિઃસ્વાર્થ ભાવના હૃદયના એક ખૂણામાં પણ જણાતી નથી. આવા જ એક કંગાલ શ્રીમંતનું સાચું શબ્દ ચિત્ર, લેખક આ કથામાં રજુ કરે છે. ]

અમારા ગામમાં લખેસરી ગણાતા રાવબહાદુર શેઠ લલ્લુભાઈ ગઇ કાલે હાર્ટફેઇલથી અકસ્માત્ ગુજરી ગયા. એમના મરણથી અમારા ગામમાં એક મ્હોટું માણસ ઓછું થયું, છતાં ગામમાં એમના જવાથી કોઈનાં હૃદયમાં આઘાત કે દુઃખની લાગણી ન હતી. લોક લાજે એમની સ્મશાન યાત્રામાં ગામે ભાગ લીધો, પણ મેં ગામનું કોઇ માણસ એવું ન દીઠું કે, જેને લલ્લુભાઇના અકાળ અવસાનથી ગામમાં પોતાનું માણસ ગયા જેટલું લાગ્યું હોય.

લલ્લુભાઇના આલીશાન બંગલાઓ આજે શૂના બનીને ઉજ્જડ જેવા ઉભા છે. લલ્લુભાઇની ધારણા હતી કે, 'આ બધું હું સાથે લઇ જઇશ.' પણ અમે અમારી સગી આંખે જોયું કે, 'લલ્લુભાઈ ધારી ધારણામાં નિષ્ફળ ગયા. રાવબહાદુર લલ્લુ શેઠ જીવન હારી ગયા. છેવટે એમને મરતાં પણ ન આવડયું.

અમારા ગામમાં લલ્લુ શેઠ પૈસેટકે સુખી ગણાતા, જાત કમાઇથી સારી જેવી મૂડી તેમણે એકઠી કરી હતી. અમારા ગામમાં કોઈ લખપતિ ન હતું. એટલે એમનું માન પણ ઠીક જળવાતું. એમનો ધંધો ધોધમાર ચાલતો. નસીબ એવું પાંસરૂં હતું કે, જ્યાં હાથ નાંખે ત્યાં તેમના પાસા પોબાર પડતા, સ્નેહી સંબંધિઓ કે નાત–જાતમાં લલ્લુભાઇ શેઠનો પડયો બોલ હંમેશા ઝીલાતો હતો; પણ લલ્લુ શેઠ જીવ્યા ત્યાંસુધી એમનાં હૈયામાં કયાંએ શાન્તિ, નિરાંત કે જંપ મને જણાયાં નહિ.

---

### શિક્ષકોની જાહેર ખબર

રાજયિક, સામાજિક, ધાર્મિક અને આર્થિક વાતાવરણ આજે ખૂબ જ વિષમ પરિસ્થિતિમાં મૂકાએલું છે. આવા સમયે મનુષ્ય જીવન જીવવામાં અનેક હાડમારીઓ અને મુંઝવણો ઉભી થાય છે. જૈન પાડશાળા વગેરેમાં શિક્ષકપદે કામ કરતા શિક્ષકોની દિવસે દિવસે અછત પડતી જાય છે અને એને અંગે જાહેર પત્રોમાં કે જૈન પત્રોમાં રોજબરોજ જાહેરખબરનાં લખાણો આપણને વાંચવા મળે છે.

એક સમય એવો હતો કે, ૨૫ થી ૩૦ રૂપીઆ પગાર શિક્ષકને જો મળતો હોય તો ઘણો લેખાતો અને કોઇ જાહેરખ આપે તો અરજીઓ ઉપર અરજીઓ આવતી અને આજે તો એ સમય આવી પૂગ્યો કે, જાહેરખનાં લખાણો પેપરોમાં ઉપરા ઉપરી છપાવા છતાં કોઇ શિક્ષક અરજી કરવા રાજી નથી. ૬૦–૭૦ રૂપીઆનો પગાર લેવા પણ તૈયાર નથી;

આમ બનવાનું શું કારણ? ધાર્મિક વિષયમાં જનતાની રૂચી ઘટવા લાગી, પગારો ઓછા મળવાને અંગે જીવન જીવવામાં મુશ્કેલી લાગી, સ્થાન, માન પાન અને બહુમાન ઘટવા લાગ્યાં એટલે લાઇન ચેંજ કરી કોઈ જુદા ક્ષેત્રોમાં શિક્ષકો ઉતરી ગયા. નવા શિક્ષકો થતા અટકી ગયા.

શિક્ષકોના અભાવે ઘણી જૈન પાઠશાળો બંધ થવાની તૈયારીમાં છે અને કેટલીક તો બંધ થઇ ગઇ છે. શ્રી યશોવિજયજી જૈન સંસ્કૃત પાઠશાળા, શિક્ષકો તૈયાર કરવા ઘણા વખતથી મહેનત કરતી આવે છે અને હજુ પણ કરે છે પણ જ્યાં જનતાનો રૂચીભેદ થયો હોય ત્યાં શું કરી શકે?

જૈન સમાજના અગ્રેસરોએ આ સમ્બંધિ ઘટતું કરવાની વહેલી તકે જરૂર છે નહિતર શિક્ષકો વિના જૈન પાઠશાળાઓ બંધ કરવાનો વખત આવશે.

એમના મૃત્યુ પહેલાં થોડા દિવસ અગાઉ અચાનક મારે એમને મળવાનું થયું, થોડીવાર ઇધર ઉધરના ગામ ગપાટા માર્યા પછી, મારા અંતરમાં અત્યાર સુધી પરાણે દબાવી રાખેલી પેલી શંકા પ્રગટ કરતાં મેં કહ્યું;

'શેઠજી! માફ કરજો! હું જે જોઈ રહ્યો છું એનાથી જુદું મને જણાય છે,' સાંભળતાની સાથે જ જાણે માથાપરથી વિજળી પસાર થતી હોય તે રીતે સળવળતાં તેમણે મને પૂછયું, 'શું છે પણ? રીતસરની વાતતો કરો! એવું તે કયું રહસ્ય મારાં જીવનમાં છૂપાયું છે, કહી નાંખોને જે હોય તે!'

મારાથી ન રહેવાયું, વર્ષોના વર્ષો સુધી લલ્લુ શેઠના નીકટના પરિચયી તરીકે મેં મારી વાત, શરમ કે સંકોચ વિના બે ધડકપણે કહેવા માંડી,

'જુઓ શેઠ! તમારી આ બધી જાહોજલાલી, આ તમારા મોટા મોટા ઠઠારા, આ બંગલા, બગીચા અને એના વૈભવો આ બધામાં ગળાડૂબ ડૂબેલા તમારા જીવનમાં કયાંયે શાંતિ કે સુખ મને જણાતાં નથી. ભલે! ખુશામત ખોર લોકો તમને સુખી કહેતા હશે, પણ હું જાણું છું કે, આટઆટલી ઋદ્ધિના ઢગલાઓ તમારે આંગણે ખડકાયેલા છે, પણ તમારા દુઃખીયા જીવને નિરાંત કયાં છે! ચોવીસે કલાક દોડાદોડ, હાયવોય સિવાય તમારાં જીવનમાં હું કશું જ જોઇ શકતો નથી;'

મારા જવાબને સાંભળતાં જ લલ્લુશેઠ ઠરી ગયા, કાંઇક જવાબ આપે એટલામાં એમનો મોટો મુનિમ પરશોતમ એક પરબીડીયું લલ્લુભાઈ શેઠના હાથમાં મૂકી, બાજુ પર ખસી ગયો.

શેઠે પરબીડીયું ઉઘાડયું, ચશ્મા ચઢાવ્યા, વાંચતાં, વાંચતાં શેઠના મોંપરની જે થોડી ઘણી લાલાશ હતી તે તરત ઉડી ગઈ, મોઢું કટાણું કરી, પરશોતમની સ્હામે જોઇને શેઠ બોલી ઉઠયા;

'આમ એકદમ ભાવ કેમ ગગડયા?' હું સ્હમજી ગયો, લલ્લુ શેઠને બજારમાં કાંઈ નુકશાની આવી લાગે છે. શેઠનો મીજાજ હાથમાં નથી,

છતાં, મેં મારૂં કહેવાનું આગળ લંબાવ્યું, 'જુઓ શેઠ! તમે દુઃખી છો. એ આજ તમારો ચ્હેરો કહી આપે છે,'

'હાસ્તો, પૈસા મફત આવે છે, રૂના ધંધામાં બે લાખની ખોટનો આ તાર છે, અત્યાર સુધીની કરી કમાણી બધી આમ ધૂળમાં જાય એ કાંઈ પાલવે?'

'શેઠ! આટલી બધી નાણાની રેલંછેલ હોવા છતાં હજુ તમારે ધંધો કરવો છે? અને એમાં નફો જ જોઇએ છે! નુકશાનીની વાત સાંભળતાં આમ તમને આંચકો આવે છે! ત્યારે તમારે તમારી તીજોરીમાં નાણાં કેમ દરરોજ ઉભરાતાં રહે એજ જોઇએ છે ને? તમારે બધું જોઇએ છે? સારી એ દુનિયાની દોલત, અમીરાઈ અને ઠકુરાઈના વૈભવો આ તમારા બંગલામાં પૂરાઈ રહે એવી તમારી ઇચ્છા છે એમજ ને? માટે તમે દુઃખી છો, જગતમાં સેંકડો દુઃખી, અતૃપ્ત અને બીચારા ગરીબ માનવોમાંના એક તમે પણ છો, જે અમારા જેવોની દયાને પાત્ર છો!'

બોલતાં, વધારે પડતું બોલાઇ જવાયું હોય એમ મને લાગ્યું, પણ લલ્લુ શેઠ મારા ધૂની અને કડક સ્વભાવના માહીતગાર હોવાથી એમણે મારૂં આ બધું હસવામાં કાઢી નાખ્યું;

થોડીવાર પછી ધીરે રહી મજાક કરતાં એમણે મને કહ્યું; 'વાહ ભાઇ વાહ! તમારા જેવા લુખ્ખા અને મુફલીસ માણસોના ઉપદેશ સાંભળવાનું હું ઠીક પાત્ર મલી ગયો પણ તમને ખબર છે? આ બધી કમાણી ભેગી કરી રાખી છે તો ધર્માદા કરવા માટે અવસરે કામ આવે છે સ્હમજ્યા? તમારા જેવાને કાંઇ ધર્માદા કામ માટે જોઈતા હોય તો તમે બધા દોડયા દોડયા લલ્લુ શેઠને શોધતા આવો છો માટે રહેવા દ્યોને બધી આ તમારી સફાઈ!'

લલ્લુ શેઠે મોટો વાઘ માર્યો હોય એવી દાવકાઇથી પોતાના દાનેશ્વરી કર્ણના જેવી સખાવતોની બહાદુરી મારી આગળ હાંકવા માંડી. પણ લલ્લુ શેઠનો હું બાળ ગોઠીયો હતો. ગરીબ કુટુંબમાંથી અકસ્માત ધનવાન બની ગયેલા લલ્લુ શેઠનું હૃદય ઘણુંજ ગરીબ હતું, એમનું માનસ મૂડીવાદી હતું, અને સંકુચિત તેમજ ક્ષુદ્ર ખ્યાલોથી એક પાઇ પણ પરોપકારના કે ધર્મના માર્ગે ખરચવાને તેઓ તૈયાર ન હતા. એની મને પૂરી ખબર હતી.

એક અઠવાડીયા પર જ બની ગયેલો બનાવ,

મારી નજર સ્હામે આવ્યો; મારૂં ઘર એમના બંગલાની સ્હામે હતું. લલ્લુશેઠના બંગલામાં જતાં આવતાં કોઇપણ માણસને હું જોઈ શકતો. બરોબર કાન માંડું તો બંગલામાં ઉતાવળે અવાજે થતી વાતો હું સાંભળી શકતો.

એક અઠવાડીયા પર અમારા ગામના જગજીવનદાસ પોતાના એક ઓળખીતા ભાઇને લઇને, લલ્લુશેઠ પાસે આવ્યા હતા અને એ આવનાર ભાઈના ગામના જીર્ણ દેરાસરને માટે ટીપમાં માંડવાનું એમણે લલ્લુ શેઠને કહ્યું. ત્યારે આજ લલ્લુશેઠના શબ્દો મેં મારા કાનોકાન સાંભળ્યા હતા.

પોતાની જાતને સુધારક ગણવાનો ડોળ કરનારા લલ્લુશેઠે તે લોકોને કહ્યું, 'જુઓ ભાઇ! આપણે સાચી વાત કહીએ, એક નહિ પણ લાખ ખરચવા હોય તો આપણે ખરચીયે. બાકી આવા કાર્યોમાં આપણને શ્રદ્ધા નથી, જૈન સમાજમાં ઘણાં દેરાસરો છે, તમારા ગામમાં એક દેરાસર નહિ હોય તો જૈન ધર્મનું શું ઓછું થઈ ગયું? આજના જમાનામાં આપણા શ્રાવકભાઇઓ જ્યાં દુઃખી હોય, સમાજની કેળવણીમાં જ્યાં મીંડું હોય ત્યાં આ બધાં દેરાસર અને ઉપાશ્રયોની શી જરૂર છે? આજના કાળમાં એને સંભાળશે કોણ?'

જગુભાઈ આ સાંભળી તરતજ ઉભા થઈ ગયા, પણ મને આ સાંભળતાં માથા પર ગરમી ચઢી ગઇ. લલ્લુશેઠના આ દંભનો ભેદી બુરખો ફાડી ફેંકી દેવાનું મને મન થયું. પણ પાડોશીના ઘરમાં થતી વાતો પરથી લડવા ઉભું થવું એ સભ્યતાની વિરૂદ્ધ છે. આમ માની તે વારે હું ઇરાદાપૂર્વક ગમ ખાઈ ગયો.

પણ ત્યારબાદ મારી રૂબરૂમાં જે બનાવ બન્યો તેનો રીતસરનો જવાબ મેં તે વેળાયે તેમને આપી દીધો હતો.

વાત એમ બની કે, અમારા ગામની બાજુના ગામડામાં એક જૈન વિદ્યાર્થી આશ્રમ ચાલે છે, જૈન બાળકોને ધાર્મિક કેળવણી, સંસ્કારો વગેરે આપવા દ્વારા ત્યાં વ્યવહારિક ૬ ધોરણ સુધીનું શિક્ષણ અપાય છે. મારા મિત્ર કાન્તિલાલ સંઘવી તે આશ્રમની વ્યવસ્થાનો બોજો ઉપાડે છે. આ આશ્રમની વ્યવસ્થા તેનો નિભાવ ખર્ચ ઇત્યાદિની બધી જવાબદારી સેવાભાવે તેઓ સંભાળે છે. હમણાં હમણાં સંસ્થાને ઘણી ખોટ આવતી હતી, એટલે મદદને માટે તેમણે લલ્લુ શેઠની પાસે જવું હતું, સાથે મને પણ લીધો.

હું તો તૈયાર હતો. રાવબહાદુર લલ્લુભાઇના સખાવતી સ્વભાવનો પરિચય મને તો બરોબર હતો, પણ કાન્તિલાલને મારે એ પરિચય કરાવવો હતો, અમે બન્ને સાથે ગયા. લગભગ પંદરેક મીનીટ સુધી કાંતિલાલે પોતાના આશ્રમની જરૂરીયાતો પર લેકચર ચલાવ્યું પણ અનેકોનાં ધનને સ્વાહા કરીને નિરાંતે પેટ પર હાથ ફેરવતા રાવબહાદુર આ બધું સાંભળી રહ્યા. જવાબમાં મુત્સદ્દીગીરીના દાવપેચ રમતાં તેમણે અમને કહ્યું;

'જુઓ કાન્તિભાઈ! પૈસા ખરચવાની મારી ના નથી, અમે અત્યારસુધી ઘણું ખરચ્યું, પણ જૈન સમાજે અમારી કાંઇ કદર કરી છે? સમાજની કોઈ પણ પ્રવૃત્તિઓમાં હવે આપણને કાંઈજ રસ રહ્યો નથી, સમાજની સ્થિતિ આજે એવી છે કે, મારા જેવાને બે પૈસા ખરચવાનું મન થતું હોય તે પણ પાછું હઠી જાય! કેવો બેકદર જૈનસમાજ! ખાય તેનુંજ ખોદે. માટે જૈનસમાજની કોઈપણ પ્રવૃત્તિ માટે એક પાઇ પણ આપણે કોઇને આપતાજ નથી. સમાજને આપણી કાંઈ પડીજ નથી તો આપણને શી ગરજ? આટ-આટલુ ખરચવા છતાં સમાજમાંથી કોઇ આપણે માટે સારૂં બોલે છે?'

'છતાં આપ, તમારા જેવા સેવાભાવી જાતે આવી માંગો છો તો કાંઈ ખાલી હાથે ન કઢાય, પણ હમણાં હમણાં વ્યાપાર ધંધામાં ફાવટ નથી, ઘરમાં મંદવાડ બહુ હતો. મારે શરીરે તાવની બીમારી રહ્યા કરે છે. એટલે દવાદારૂમાં આ સાલ ન ધાર્યું ખરચ થઇ ગયું. એટલે બધે ક્યાં પહોંચી વળાયે?

મારી સાથે આવેલો કાંતિલાલ તો આ બધું ઠંડે કલેજે સાંભળી રહ્યો, પણ મારો મીજાજ હાથમાં ન રહ્યો. મને રાવબહાદુરની કાંઇ પડી જ ન હતી; કાંતિલાલના સાંભળતાં તે વેળા મેં રોકડું પરખાવી દીધું.

લલ્લુશેઠ! આ બધી ભરમાવવાની વાતો કોઈ અજાણ્યાની આગળ કરજો, સ્હમજ્યા? હું તો તમારો

આળગોટીયો છું. તમને પગથી માથા સુધી ઓળખું છું. પેલા જગુભાઈ દેરાસરની ટીપ કરવા માટે આવ્યા ત્યારે તમે શું કહ્યું હતું ? એ ખ્યાલમાં છે ને ? દેરાસરમાં કે ઉપાશ્રયમાં શ્રદ્ધા નથી. એ વાત સાચી છે કે પૈસો આપવામાંજ શ્રદ્ધા નથી. લેવું છે બસ, ગમેત્યાંથી આવતું હોય, પડાવીને પણ ભેગું કરવું ને સંઘરો કરવો. બસ આમાંજ તમને શ્રદ્ધા છે. શિક્ષણ કેળવણીની કે સમાજ કે જાતભાઈની તમને કયાં પડી છે? ઘડીકમાં સુધારક બનીને દેરાસર ઉપાશ્રય બંધાવનારાઓની ટીકા કરો છો, જ્યારે બીજી પળે આ કાંતિલાલ જેવા સેવાભાવીની આગળ સમાજની નિંદા કરવા નીકળી પડયા છો! પણ મારા મુરબ્બી! સમાજનું તમે શું ઉકાળ્યું ? મને સ્હમજાવશો ? તમારાજ ગામના, તમારીજ ન્યાતના, કેટલાયે જાતભાઇઓ આજે સાધનહીન દશામાં આવી પડયા છે, કોઇની આગળ હાથ ધરી શકતાં નથી. છૂપી વેદનાઓનાં ઉન્હાં આંસુ ઘરના ખૂણામાં બેસીને પાડી રહેલા તમારા એ ખાનદાન સાધર્મી ભાઇઓની કઈ સેવા તમે કરી ? અને એ તમારી સખાવતોનો ઇતિહાસ જણાવો તો ખરા ?'

'અજાણ્યા બબૂચકોની આગળ તમારી બડાઇઓ મારતી રહેવા દો; સ્હમજ્યા, લલ્લુભાઈ ! તમે રાવબહાદુર કેમ બન્યા છો, એનો ઉંડો ભેદ પણ મારાથી છુપો નથી. આપણી સરકારે પાંચ દશ હજાર તમારી પાસેથી કઢાવ્યા અને તમારે બાપા કહીને ત્યાં આપી દેવા પડયા, એટલે તમે રાવબહાદુર લલ્લુભાઇ થયા છો. સ્હમજ્યા. ? આ ભેદ હવે કાંઇ છાનો રહ્યો નથી !'

'અને આજે રહી–રહીને વેપાર પડી ભાંગવાની, મંદવાડની તેમજ ઘરખર્ચી વધી પડયાની વાતો કરો છો ! આ બધું તૂત નહિં તો શું ? લલ્લુભાઇ જ્યાં આપવાની વાત આવી ત્યાં વ્યાપાર પડી ભાંગવાના; કારણ કે તમારો જૂનો વ્યાપાર લેવાનો છે, આપવું એ તમને કેમ પાલવે ? એ ટાઇમે તમને તાવ કે મંદવાડ યાદ ન આવે તો બીજું શું યાદ આવે ? કોઈ મહા દુઃખીયારા ગરીબની જેમ અમારી આગળ તમારા દુઃખો કે મુશ્કેલીઓનું બ્યાન કેમ કરો છો ? એની અમને ખબર છે, કારણ કે 'તમારે લેવું છે પણ દેવું નથી'.

બોલતાં બોલતાં મારૂં લોહી ઉકળી ઉઠયું. મગજની ગરમીનો પારો ચઢી ગયો, લલ્લુભાઈ સ્હેમજીને મૌન હતા. મારો ગરમ મીજાજ છેવટે ટાઢો પડયો. લલ્લુશેઠ હરી ગયા. છેવટે હું અને કાન્તિલાલ ત્યાંથી વિદાય થયા. બસ એ પ્રસંગ બન્યા પછી, લલ્લુશેઠને ત્યાં જવાનું મેં તદ્દન બંધ કરી નાખ્યું. પણ આ વેળા મારે અચાનક જવાનું થતાં, વાતમાંને વાતમાં ફરી જ્યારે લલ્લુભાઇએ પોતાની સખાવતોની બડાઈ મારવા માંડી ત્યારે હવે મારાથી રહી શકાયું નહિ;

એટલે મેં ધૂત્કાર કરતાં આજે ફરી કહ્યું, 'શેઠ તમારી સખાવતોની કે ધર્માદા કરવાની વાતો જવાદ્યો. કોઇ બે પૈસા માંગવા આવે છે ત્યારે તમે ફરડવા દોડો છો; નાગની જેમ ફૂંફાડા મારો છો. પણ મારા જેવો ચોકખો માણસ કે જેને તમારા જેવા લખેસરીની સાડીબાર નથી તેજ તમને સાચું કહી શકે; હું સાચું કહું છું. ફરી ફરી યાદ રાખજો કે, તમે સુખી નથી દુઃખી છો; શ્રીમાન નથી દરિદ્ર છો, કારણ ? જેને લાખ્ખો લેવા ગમે છે અને પાઈ પણ આપવી પરવડતી નથી તે દરિદ્ર છે. એના જેવો દીન, સદાનો દુઃખી અને કંગાલ જગતમાં બીજો કોઇ નથી.'

મારા આખાબોલા સ્વભાવથી પરિચીત લલ્લુભાઈ આ બધું ઠંડે કલેજે સાંભળી રહ્યા, મને લાગ્યું કે, આમાંનું મારૂં એક પણ વાકય લલ્લુશેઠને ન ગમ્યું. હું ત્યાંથી ઉઠયો આ મારી છેલ્લી મુલાકાત હતી..

ફરી લલ્લુભાઇ શેઠને મળવાનો મોકો મને ન મળ્યો તે ન જ મળ્યો.

ત્યારબાદ કારણસર મારે બ્હારગામ જવાનું થયું અને ગઇકાલે સાંજે જ્યારે હું બ્હારગામથી આવ્યો, ત્યારે ગામના પાદરે ચૌવડ મળ્યા કે, લલ્લુભાઈ શેઠ આજે સ્હવારે અચાનક હૃદયના દર્દથી અવસાન પામ્યા.

સહસા તેજ વેળા મારાથી બોલાઇ ગયું, હાશ ! બિચારા લલ્લુભાઇ દુઃખમાંથી છૂટયા.'

# લોકકહેવતોમાં સુભાષિતો :

પૂ૦ મુનિરાજશ્રી મહિમાવિજયજી મ૦
જૈન ઉપાશ્રય : નંદરબાર

[ ગતાંકથી ચાલુ ]

**स याति वचनीयत्वं, पापी पापेन पच्यते;**
**मुख्यमार्गं परित्यज्य, स्वमार्गं कुरुते यकः ३१**

મુખ્ય માર્ગને ત્યજી જે પોતાના માર્ગને ઉભો કરે છે તે આત્મા નિંદાને યોગ્ય બને છે, કારણકે પાપી પોતાના પાપથી પીડાય છે. ૩૧

**स्वयं पापी परं निन्दन्, कथं शुद्धो भविष्यति?**
**यथा काकः स्वयं कृष्णो, नीलीकुण्डे वसन् सदा ३२**

પોતે પાપી હોવા છતાં બીજાની નિંદા કરતો તે કેવીરીતે શુદ્ધ થશે? પોતે કાળો હોવા છતાં હંમેશાં ગળીના વાસણમાં બેઠેલો કાગડો કઈરીતે સ્વચ્છ બની શકે? ૩૨

**यत्र तत्र गतो जन्तुः, पीडामाप्नोति पापवान्**
**कर्पास इव सर्वत्र, मध्यग्रन्थि कदर्थितः ३३**

વચમાં રહેલા ગાંઠવાળા કપાસની જેમ પાપ કરનારો આત્મા જ્યાં ત્યાં કદર્થતા પામે છે. ૩૩

**दुग्धधौतोऽपि किं काको, राजहंसत्वमाप्नुयात् ?**
**तपः कृशस्तथा मिथ्यादृग् नो सुगतिभाग्-**
**भवेत् ३४**

કાગડાને દુધે ધોવા છતાં શું રાજહંસ બને? તેજ રીતે તપથી કૃશ થયેલો મિથ્યાદૃષ્ટિ સદ્ગતિને પામતો નથી. ૩૪

**मेधाविवर्जितः पूर्वं, मानेन च कदर्थित.**
**अतोव चपलो यद्वद्वानरो वृश्चिकाशितः ३५**

એક તો બુદ્ધિરહિત અને તેમાં માનથી ઘેરાયેલો એટલે પૂછવું જ શું? મૂળ અત્યન્ત ચપલ વાનરની જાત અને અધુરામાં પુરૂં વીંછી કરડવો. ૩૫

**पूर्वं जाति विहिनस्तदनु, क्रोधान्धतां च संप्राप्तः**
**उष्ट्र इवावकरस्थो, नीचो नालोकितः केन ? ३६**

પહેલાં જાતિ વિનાનો અને તેમાં ક્રોધથી આંધળો બન્યો, આવી સ્થિતિનો નીચ ઓળખાયા વગર રહે? ઉંટ અને ઉકરડાના ટેકરા ઉપર ઉભું પછી છુપું રહે ખરૂં? ૩૬

**ये वदन्ति दया धर्मं, हिंसाधर्मं स्वशास्त्रतः**
**तेषांस्वमातृवन्ध्यात्ववाक्यवद् वचनं वृथा. ३७**

જે પોતાના શાસ્ત્રથી હિંસાને પણ દયાધર્મ તરીકે ઓળખાવે છે, તેઓનું તે વચન પોતાની માતાને વાંઝણી કહેવા જેવું ફોગટ છે. ૩૭

**भूपतिः कुरुतेऽनीतिं, प्रजायाः का गतिस्तदा ?**
**आचार्यः कुरुतेऽकार्यं, तदा शिष्यस्य का गतिः ३८**

જ્યારે આચાર્ય અકાર્યને કરે ત્યારે શિષ્યનું કોણ શરણ? રાજા અનીતિને આચરે ત્યારે પ્રજાને કોનું શરણું? ૩૮

**आराधित. शिवाय स्यात्, भवाय च विराधितः**
**श्री जिनस्तेन सत्योक्ती, राजा मित्रं**
**न कस्यचित्. ३९**

શ્રી જિનેશ્વરદેવની આરાધના મોક્ષને માટે થાય છે અને વિરાધના સંસારને માટે થાય છે, ખરેખર એ સાચું છે કે, રાજા કોઈના હોતા નથી. ૩૯

**तपो भरे कृते नैव सिद्धिरज्ञानिनां भवेत्,**
**नवनीतस्य संप्राप्तिरन्धेन दधिघोलनै. ४०**

ઘણો તપ કરવા છતાં અજ્ઞાની આત્માઓને સિદ્ધિ પ્રાપ્ત થતી નથી, આંધળો આદમી દહીં વલોવવા બેસે એથી માંખણ મળે? ૪૦

**औषधेन विना व्याधिर्गतो भाग्यानुभावत;**
**कुपुत्रस्तु विनाऽऽयासं, यथा यातो गृहाद्बहिः ४१**

ભાગ્યના પ્રભાવે ઔષધ વગર વ્યાધિ ચાલ્યો જાય છે, તો જાણવું કે, કુપુત્ર વગર મહેનતે ઘર છોડી ચાલ્યો ગયો. ૪૧

**सूर्यंप्रति रजः क्षिप्तं, स्वचक्षुषि पतिष्यति;**
**गुरुं प्रति कृताऽवज्ञा, सा तथा तस्य भाविनी. ४२**

જેમ સૂર્યને સામે ધૂળ નાંખવાથી પોતાની આંખોમાં પડે છે તેમ ગુરૂની સાથે કરેલી અવજ્ઞા પણ તેવી રીતે શિષ્યને પોતાના અનર્થ માટે થાય છે. ૪૨

# પાઠશાળા માટે મંગાવો !

| | | |
|---|---|---|
| બે પ્રતિક્રમણ મૂળ | ૧૦૦ ના | ૩૫-૦-૦ |
| સામાયિક સૂત્ર મૂળ | ૧૦૦ ના | ૧૫-૦-૦ |
| બે પ્રતિક્રમણ સાર્થ | ૧૦૦ ના | ૧૫૦-૦-૦ |
| પંચપ્રતિક્રમણ મૂળ | ૧૦૦ ના | ૧૨૫-૦-૦ |
| સામાયિક સૂત્રાર્થ | ૧૦૦ ના | ૩૫-૦-૦ |
| નિત્ય નોંધ | ૧૦૦ ના | ૧૨-૦-૦ |
| જીવ વિચાર સાર્થ | ૧ ના | ૦-૧૦-૦ |
| નવ તત્ત્વ સાર્થ | ,, | ૧-૦-૦ |
| દંડક સંગ્રહણી | ,, | ૧-૨-૦ |
| કર્મ ગ્રંથ ભાગ-૨ | ,, | ૨-૮-૦ |
| નવ સ્મરણ | ,, | ૦-૮-૦ |
| સ્નાત્ર પૂજા | ,, | ૦-૪-૦ |
| સુધારસ સ્તવનાવલિ | ,, | ૦-૮-૦ |
| નૂતન સ્તવન મંજરી | ,, | ૦-૬-૦ |
| ચાર પ્રકરણ અને ત્રણ ભાષ્યસાર્થ | ,, | ૩-૦-૦ |
| સંવાદ સંગ્રહ | | ૦-૧૨-૦ |
| રત્નાકર પચીસી | | ૦-૩-૦ |

તે સિવાય લાઇબ્રેરી અને પ્રભાવના ઉપયોગી પુસ્તકો પણ મળશે. લીસ્ટ મંગાવો !

**સોમચંદ ડી. શાહ**

જીવનનિવાસ સામે—પાલીતાણા,



: મુદ્રક : અમરચંદ બેચરદાસ મહેતા
શ્રી બહાદુરસિંહજી પ્રિં પ્રેસ—પાલીતાણા.